સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક



વર્ષ : ૪૮ અંક : ૨૪૯ જૂનાગઢ તા.૦૨-૧૦-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 249, Junagadh : Date : 02 October, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ત્રીજા વિશ્વ યુધ્ધનાં ભણકારા : મધ્યપૂર્વમાં અત્યંત સ્ફોટક સ્થિતિ

તહેરાન તા. ૨

હિઝબુલ્લાહનાં વડા હસન નસરૂલ્લાહની હત્યાનો બદલો લેવા માટે ગતરાત્રે ઈરાને ઈઝરાયેલ પર ૨૦૦થી વધુ મિસાઈલો છોડીને આકાશી હુમલો કર્યો હતો જેને પગલે થોડા કલાકો માટે ઈઝરાયેલમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઈરાન - ઈઝરાયેલ વચ્ચે ફુલસ્કેલ વોર શરૂ થઈ ગઈ હોવાનું નિષ્ણાંતો જણાવી રહયા છે. અમેરીકાનાં રાષ્ટ્રપતિ જો બાઈડને ઈઝરાયેલનું રક્ષણ કરવા અમેરીકી સૈન્યને આદેશ આપ્યો છે. બીજી તરફ ઈરાને પણ જણાવ્યું છે કે તે કોઈપણ હુમલાનો જવાબ આપવા તૈયાર છે. આમ ઈરાન-ઈઝરાયેલ, લેબનોન, સિરીયા, યમન અને અમેરીકા હાલની પરિસ્થિતિમાં પ્રત્યક્ષ રીતે જોડાઈ ગયા છે. જયારે બીજી તરફ રશિયા, ચાઈના અને અન્ય મુસ્લીમ રાષ્ટ્રો ઈરાનનાં સમર્થનમાં હોય તેવું જણાય રહયું છે તેને પગલે વિશ્વ સ્પષ્ટપણે બે ભાગમાં વેચાઈ ગયું છે. જો રશિયા પણ આ યુધ્ધમાં દરમ્યાનગીરી કરશે તો ચોકકસપણે સમગ્ર વિશ્વ માટે ખતરનાક સ્થિતિ સર્જાશે. ગતરાત્રે ઈરાને ઈઝરાયલ પર મિસાઈલો છોડી હતી, હવે તેના વિરુદ્ધ એક પોસ્ટર પણ બહાર પાડ્યું છે. જે રીતે ઈઝરાયલે હિઝબુલ્લાહ કમાન્ડરોનું પોસ્ટર બહાર પાડ્યું હતું, તેવી જ રીતે હવે ઈરાન સરકારે પણ પોસ્ટર બહાર પાડ્યું છે. જેમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂનું નામ ટોચ પર છે. જેમાં લખવામાં આવ્યું છે- 'સંપૂર્ણ સરકાર, જિંદા યા મુર્દા...આ ઈરાની ગુપ્ત મંત્રાલય દ્વારા વોન્ટેડ છે' ઈરાન દ્વારા જાહેર કરાયેલા પોસ્ટરમાં લખવામાં આવ્યું છે કે ઈઝરાયલના 'આતંકવાદીઓ'ની યાદી. જે ઈરાન સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. આ પોસ્ટરમાં સૌથી ટોચ ઉપર વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂનો ફોટો છે. ઈઝરાયલના રક્ષા મંત્રી અને ત્યારબાદ ચીફ ઓફ જનરલ સ્ટાફનું નામ છે.

## ઈરાને પોસ્ટર બહાર પાડયું : ''સંપૂર્ણ સરકાર - ઝીંદા યા મુર્દા - ઈઝરાયેલનાં વડાપ્રધાન નેતન્યાહુને મોસ્ટ વોન્ટેડ આતંકવાદી નં.૧ ગણાવ્યા''

ઈરાન દ્વારા બહાર પાડવામાં આવેલા પોસ્ટરમાં નીચે ઈઝરાયલી એરફોર્સના કમાન્ડર, નેવીના કમાન્ડર, ગ્રાઉન્ડ ફોર્સના કમાન્ડર, ડેપ્યુટી ચીફ ઓફ જનરલ સ્ટાફ, મિલિટરી ઈન્ટેલિજન્સ હેડ, નોર્ધન કમાન્ડના વડા, સેન્ટ્રલ કમાન્ડના વડા અને દક્ષિણી કમાન્ડના વડાનું નામ અને ફોટો દર્શાવવામાં આવ્યા છે. આ પોસ્ટરમાં કુલ ૧૧ લોકોનાં નામ અને ફોટો છે, જે તમામને ઈરાને તેમના પોસ્ટરમાં ઈઝરાયલના 'આતંકવાદી' કહ્યા છે.

ઈરાને જે લોકોને પોસ્ટરમાં વોન્ટેડ તરીકે સામેલ કર્યા છે, તેઓ જ વાસ્તવમાં ઈઝરાયલની અસલી તાકાત છે. પહેલા વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને પછી ઈઝરાયલના નૌકાદળ, જમીન અને વાયુ સેના સાથે જોડાયેલા કમાન્ડરોને ઈરાન આતંકવાદી ગણાવી રહ્યું છે અને તેમને જીવિત કે મૃત ઈચ્છે છે.

## ગુજરાતમાં બ્રેસ્ટ કેન્સરથી પ્રતિદિન ૧૧નાં મોત

ગાંધીનગર તા. ૨ : ગુજરાત બ્રેસ્ટ કેન્સર કેસોની સંખ્યામાં ટોપ-૧૦ રાજ્યોમાં આવી ગયું છે. બ્રેસ્ટ કેન્સરના દર્દીઓમાં મૃત્યુદર પણ અધધ ૩૩ ટકા જોવા મળ્યો છે. આંકડાઓથી સમજીએ તો ૨૦૨૩માં ગુજરાતમાં બ્રેસ્ટ કેન્સરનાં ૧૧,૫૦૬ કેસ સામે આવ્યા. તેમાંથી ૪,૨૮૦નાં મૃત્યુ થયાં, જે કુલ દર્દીઓના ૩૩ ટકા થી પણ વધુ છે. સરળ ભાષામાં સમજીએ તો ગુજરાતમાં રોજ ૧૧ મહિલાઓનાં બ્રેસ્ટ કેન્સરથી મૃત્યુ થાય છે

## પુણેમાં હેલિકોપ્ટર ક્રેશ : ત્રણનાં મોત

પુણેતા.૨

મહારાષ્ટ્રના પુણેમાં આજે એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે. તેમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના મોત થયા છે. મૃતકોમાં બે પાઈલટ અને એક એન્જિનિયરનો સમાવેશ થાય છે. આ ઘટના સવારે ૬:૩૦ થી ૭ વચ્ચે પુણેનાં બાવધન વિસ્તારમાં કેકે કન્સ્ટ્રકશન હિલ પાસે બની હતી.

દુર્ઘટના બાદ હેલિકોપ્ટરમાં આગ લાગી હતી. જેના કારણે ત્રણેય લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. હેલિકોપ્ટર સરકારી હતું કે ખાનગી તે હજુ સુધી જાણી શકાયું નથી.







✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

PARDAWALA તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?

**ઓપરેશન કરાવતા પહેલા**

**આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ**

૨૦ વર્ષનાં અનુભવી

કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો

(પચીસ રોગોની કાયાકલ્પ દવા)

હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે

**(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)**

મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ

(મું. વડાલ વાળા)

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**



કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



# જૂનાગઢ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું ભવ્યાતિ ભવ્ય આગમન થયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

ગઈકાલે તા.૧-૧૦-૨૦૨૪ના રોજ જૂનાગઢ અક્ષરવાડી ખાતે બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરમાં બપોરે એક વાગ્યે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું પરમ પાવન આગમન થઈ ચુક્યું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મુંબઈથી કેશોદ એરપોર્ટ ખાતે ઉતરાણ કર્યું હતું અને ત્યાંથી પોલીસ પાયલોટ કારની દોરવણીએ કાર દ્વારા જૂનાગઢ અક્ષર મંદિર ખાતે પધાર્યા હતા. જ્યાં મુખ્ય દ્વારથી મદિંર સુધી બી.એ.પી.એસનાં શહેર તથા ગ્રામ્ય વિભાગનાં બાળકોએ કતારબદ્ધ ઊભા રહીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું પુષ્પવર્ષાથી અને જયજયકારથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મંદિરમાં ઠાકોરજી પોઢી ગયા હોઈ સીધા જ ગુણાતીત સભા મડંપમાં પધાર્યા હતા. જ્યાં સંતો હરિભક્તો ભાવિકોએ તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. મહંત સ્વામી મહારાજની ૯૧ વર્ષની આયુ પ્રમાણે કાર્યકર ભાઈઓ બહેનો દ્વારા રચિત ૯૧ ફૂટનો હાર સંતો તથા અગ્રણી કાર્યકરોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ભાવથી પહેરાવ્યો હતો. આ હારની એ વિશષતા હતી કે સુંદર રંગીન કાગળોનાં મોટાં મોટાં પુષ્પો રચ્યાં હતા અને તે કાગળોમાં કાર્યકરોનાં નામ લખવામાં આવ્યાં હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં સુસ્વાસ્થ્ય તથા આગમન નિમિત્તે તેમના દર્શન ન થાય ત્યાં સુધી ૧૭૭ પુરૂષ હરિભક્તો તથા ૨૭૫ મહિલા હરિભક્તો તથા બાળ યુવા, યુવતીઓએ ભક્તિ ભાવથી સળંગ ત્રણ-ચાર દિવસના નિર્જળ ઉપવાસ, એક બે મહિનાના ધારણા પારણા, સજળા ઉપવાસ વગેરે વ્રતો કરેલા હતા. તેમજ અન્ય ભક્તિ સબંધી નિયમોના પાઠ લીધા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તમેના તપથી પ્રસન્ન થઈને ભક્તોના પારણા માટે લીંબુના શરબતમાં પુષ્પો વેરીને શરબત પ્રાસાદિક કર્યુ હતું. સૌ ભક્તોને મળીને પ્રસન્ન થયેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સહુને રૂડા આશીર્વાદ પાઠવતા કહ્યું હતું કે, અમે આવી ગયા છીએ. અહીં જ રહેવાના છીએ. બધાને મળીશું. અંત ભાગમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જૂનાગઢ શહેર ખાતેના કર્તવ્યનિષ્ઠ પત્રકાર બંધુઓને સ્ટેજ સમક્ષ બોલાવીને પૂજ્ય કોઠારી સ્વામી દ્વારા તેમનો પરિચય મળવ્યો હતો અને સહુ ઉપર સસ્મિત અમીદ્રષ્ટિ કરીને તેમને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આજનો દિવસ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ માટે દાક્તરી સલાહ મુજબ વિશ્રામનો દિવસ હોવાથી સમગ્ર દિવસ તેમના દર્શન થશે નહીં. પરમ દિવસે તા.૩ના રોજ સવારે પોણા છ વાગ્યે તેમના પૂજા દર્શન થશે તથા સાયંસભામાં 'સ્વાગત દિન' કાર્યક્રમમાં પણ તેઓ ઉપસ્થિત રહેશે.

## જૂનાગઢના આંગણે ફરી એકવાર રઘુવંશી ક્લબ દ્વારા રઘુવંશી પરિવારો માટે "હું છું રઘુવંશી" રાસોત્સવનું ભવ્ય આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢના આઝાદ ચોકમાં નવનિર્માણ થતા જલારામ મંદિરના લાભાર્થે ફરી એકવાર તા.૩-૧૦-૨૪ થી તા.૧૨-૧૦-૨૪ સુધી રઘુવંશી પરિવારના ખેલૈયાઓ રાસની રમઝટ બોલાવશે. જૂનાગઢ ખાતે આગામી ૩ થી ૧૨ ઓકટોબર સુધી માં જગદંબાની આરાધના અને પવિત્ર નવરાત્રી ઉત્સવ અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂનાગઢ પ્રસિધ્ધ વિશાળ સુવિધા સભર સેવા બાયપાસ ઉપર આવેલ મધુવન પાર્ટી પ્લોટમાં "હું છું રઘુવંશી" નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. અમારા મુખ્ય આર્થિક સહયોગી અને માર્ગદર્શક આયોજક સંજયભાઈ મશરૂ અને ઝલક મશરૂ તથા જૂનાગઢના સેવાભાવી, રઘુવંશી અગ્રણી રસીકભાઈ પોપટના સંકલનથી રઘુવંશી યુવાનો રાજેશ ઠકકર, માધવ વિઠલાણી, ચેતન તન્ના, સંજય પોપટ, વિપુલ આડતીયા, રશ્મીન કારીયા, શ્યામ રાયચુરા, રામ મશરૂ, શ્યામ કારીયા, ગોપાલ કોટેચા, રવિ સુબા, શશીભાઈ રૂપારેલીયા સહિતના આગેવાનો નવરાત્રીની તૈયારીઓને ઓપ આપી રહ્યા છે. આ રાસોત્સવ માત્રને માત્ર રઘુવંશી પરિવારો માટે રહેશે. જયારે આ રાસોત્સવ સરકારના ધારાધોરણ અનુસાર સમયમર્યાદામાં યોજવામાં આવશે. જૂનાગઢ શહેર તથા આજુબાજુ તાલુકા શહેરમાં વસતા લોહાણા પરિવારના લોકો આ આયોજનમાં ભાગ બની સમાજ દ્વારા યોજાતા અને સમાજ માટે યોજાતી આ નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવે છે. આગામી તા.૩-૧૦-૨૦૨૪ થી તા.૧૨-૧૦-૨૦૨૪માં યોજાઈ રહેલ આ નવરાત્રી મહોત્સવ આઝાદ ચોકમાં નવનિર્માણ થતા જલારામ મંદિરના લાભાર્થે યોજાઈ રહેલ આ નવરાત્રી મહોત્સવમાં તન-મન-ધનથી તથા આપણા ધંધા રોજગારના વિકાસ અર્થે જાહેરાત યોગદાન આપી, સહભાગી થવા ઈચ્છતા જાહેરાતરૂપી દાતા બની સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે. કોન્ટેકટ ૯૮૭૯૦૨૫૫૩૩/ ૮૪૬૦૧૬૬૦૦૦ યાદીના અંતમાં રસીકભાઈ પોપટ દ્વારા જણાવવામાં આવે છે.

## સપ્ટેમ્બર-૨૦૨૪માં રાજ્ય કર વિભાગની આવકમાં સપ્ટેમ્બર- ૨૦૨૩ સામે ૬૨,૧૩૫ કરોડનો વધારો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨

સપ્ટેમ્બર-૨૦૨૪માં રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિધ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી રૂા.૯,૪૮૨ કરોડની આવક થયેલ છે, જે સપ્ટેમ્બર-૨૦૨૩ કરતાં ૨૯% વધુ છે. રાજ્યને જીએસટી હેઠળ સપ્ટેમ્બર-૨૦૨૪માં રૂા.૫,૮૭૧ કરોડની આવક થયેલ છે જે સપ્ટેમ્બર-૨૦૨૩ માં થયેલ આવક કરતાં ૩૯% વધુ છે. રાજ્યને સપ્ટેમ્બર-૨૦૨૪માં વેટ હેઠળ રૂા.૨,૫૭૯ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂા.૧,૦૧૨ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂા.૨૧ કરોડની આવક થયેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ છ માસમાં રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિધ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી રૂા.૫૮,૨૩૧ કરોડની આવક થયેલ છે જે ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળા કરતાં ૧૭% વધુ છે.

## અવસાન નોંધ

દશા સોરઠીયા શ્રી નાનાલાલ પ્રેમચંદ ઝવેરી (ઉ.વ.૮૩) તે સ્વ. હરીભાઈ, સ્વ. જેન્તીભાઈ, સ્વ. હસુભાઈ, સ્વ. પુષ્પાબેન, સ્વ. લાભુબેનનાં ભાઈ, ગીરધરભાઈ નાથાલાલ ધાબલીયાનાં જમાઈ તથા દેવેનભાઈ ઝવેરી, દિપ્તીબેન મહેશભાઈ સાંગાણી, નિતિશ ગગલાણીનાં પિતાનું તા. ૨૯-૯-૨૦૨૪નાં રોજ સ્વર્ગવાસ થયેલ છે. ટેલીફોનીક બેસણું તા. ૩-૧૦-૨૦૨૪ ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે. મો. ૯૮૭૯૯ ૬૬૭૬૮, ૮૧૪૧૮ ૧૦૩૧૦, ૯૬૨૪૧૬૬૭૬૮ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.


**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

**ફોન કરીને અવશ્ય આવવું**


નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ, જુની કેન્દ્રીય વિદ્યાલય, વંથલી રોડ, જુનાગઢની કચેરી દ્વારા જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૨૪-૨૫ દ્વારા સ્ટાન્ડર્ડ બીડીંગ ડોક્યુમેન્ટ પ્રોક્યુરમેન્ટ ઓફ સીવીલ વર્ક (SBD Format) મુજબનું નીચેના કામ માટે વિસાવદર તાલુકાની/જુનાગઢ જીલ્લાની નીચે જણાવેલ કે તેની ઉપરની શ્રેણીમાં નોંધાયેલ મજુર સહકારી મંડળીઓ પાસેથી ભાવોભાવ કરતા ઉંચા ભાવો ન ભરવાની શરતે ઓફલાઇન ટેન્ડર માંગવામાં આવે છે. જો લગત તાલુકાની એક કરતા વધારે મંડળીઓ દ્વારા ટેન્ડરની માંગણી ન આવે કે એક કરતા વધારે ટેન્ડર ભરાઇને પરત ન આવે તો જ જીલ્લાની મંડળીઓને ટેન્ડર ઇસ્યુ કરવામાં આવશે અને જો તાલુકા અને જીલ્લાની મંડળીઓની બન્ને મળીને એક કરતા વધારે ટેન્ડરની માંગણીઓ ન આવે કે ભરાઇને પરત ન આવે તો જ "ઈ૨-" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીઓને ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. મજુર સહકારી મડળીઓ તથા ઠેકેદારશ્રીઓએ અંદાજીત રકમના ૧% લેખેની એફ.ડી.આર. રૂપે બાનાની રકમ ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે.


| ક્રમ | કામનું નામ | અંદાજી રકમ રૂ. |
|---|---|---|
| ૧ | મેઇન્ટેનન્સ ઓફ કેનાલ એન્ડ પ્રોવાઇડીંગ કેનાલ સીક્યુરીટી સર્વીસીસ ડયુરીંગ કેનાલ ઇરીગેશન યર ૨૦૨૪-૨૫ ફોર આંબાજળ ઇરીગેશન સ્કીમ ઇન વિસાવદર તાલુકા ઓફ જુનાગઢ ડીસ્ટ્રીકટ | ૨૬૯૦૫૬.૧૨ |

| મજુર સહકારી મંડળી/ ઠેકેદારશ્રી | ટેન્ડર આપવાની છેલ્લી તારીખ | ટેન્ડર રજી.પોસ્ટથી પરત કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|
| તાલુકાની મ.સ.મં. માટે | તા. ૧૦/૧૦/૨૦૨૪ | તા. ૧૭/૧૦/૨૦૨૪ |
| જીલ્લાની મ.સ.મં. માટે | તા. ૨૨/૧૦/૨૦૨૪ | તા. ૨૮/૧૦/૨૦૨૪ |
| ઠેકેદારશ્રીઓ માટે | તા. ૦૪/૧૧/૨૦૨૪ | તા. ૦૯/૧૧/૨૦૨૪ |

આ કામ માટે ટેન્ડર મંજુર થયા બાદ એસ.બી.ડી. ટેન્ડરની જોગવાઇ મુજબની ડીપોઝીટ સિવાયની અલગથી વધારાની ડીપોઝીટની રકમ રૂ.૧,૪૦,૦૦૦/- એફ.ડી.આર. સ્વરૂપે ના.કા.ઇ., સિં.પે.વિ., જુનાગઢના નામની પ્લેજ કરેલ દિવસ-૧૦ માં રજુ કરવાની રહેશે. તેમ કરવામાં ચુક કર્યેથી આપની મંડળી/એજન્સીને બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તથા આ કામ L2 બીડર્સને એનાયત કરવામાં આવશે.

વધુ વિગતો માહીતી ખાતાની વેબસાઇટ "www.statetenders.gujarat.gov.in" નામની વેબસાઇટ જોવા તથા ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/જૂના/૪૮૪/૨૦૨૪

# બહાઉદ્દીન આર્ટસ કોલેજ જૂનાગઢમાં એનએસએસ અને એનસીસી યુનિટ દ્વારા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨

ગાંધી જયંતીને ઉપલક્ષીને બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ જૂનાગઢમાં આજ રોજ તા.૧/૧૦/૨૦૨૪ને મંગળવારના રોજ એનએસએસ યુનિટ તથા એનસીસી યુનિટ (નેવલ તથા આર્મી) દ્વારા સંયુક્ત રીતે 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન સૌ પ્રથમ ત્રણેય યુનિટનાં વિદ્યાર્થીઓને એકત્રિત કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ એન.એસ.એસનાં સ્વયં સેવકોને સરકાર દ્વારા આપવામાં આવેલ માય ભારત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર દ્વારા તથા એન.સી.સી ઓફિસર દ્વારા વિદ્યાર્થીઓને સફાઈ રાખવામાં માટે અને સ્વચ્છ ભારત માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ત્યાર બાદ એક સામૂહિક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં 'સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'નો નારો આપવામાં આવ્યો હતો. રેલી બાદ વિદ્યાર્થીઓ બે ગ્રુપમાં વહેંચાય ગયા હતાં અને સર્વપ્રથમ કોલેજ કેમ્પસ ખાતે પ્લાસ્ટિક કલેક્શન તથા સફાઈની કામગીરી હાથધરી હતી. કોલેજ કેમ્પસ ખાતે સફાઈ કર્યા બાદ વિદ્યાર્થીઓ ભૂતનાથ મહાદેવ મંદિરની ગલી, યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની બહાર તથા કોલેજ રોડ જેવા જાહેર સ્થળોએ જઈને પણ પ્લાસ્ટિક કલેક્શન તથા સફાઈની કામગીરી કરી સફાઈ પ્રત્યે લોક-જાગૃતિ પણ પાર પાડી હતી. આ કાર્યક્રમનાં સફળ આયોજન તથા સંચાલન બદલ એન.સી.સી ઓફિસર આર.એચ પરમાર, ડો.દીના લોઢીયા, તથા એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડો.હાર્દિક રાજ્યગુરૂને કોલેજનાં આચાર્ય ડો.પી.વી બારસીયાએ અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢ એસ.ટી.બસ સ્ટેન્ડ ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત વિદ્યાર્થીનીઓ દ્વારા નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું



જૂનાગઢ, તા.૨

સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે શ્રી બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર-જૂનાગઢ અને એસટી વિભાગ-જૂનાગઢ દ્વારા 'સ્વચ્છત્તા હી સેવા-૨૦૨૪' ઝૂંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝૂંબેશ અંતર્ગત ધાર્મિક, પ્રવાસન અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

શ્રી બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર-જૂનાગઢનાં ચેરમેન ગિજુભાઈ ભરાડના માર્ગદર્શન હેઠળ પૂજ્ય મુક્તાનંદજીબાપુના આશિર્વાદથી તા.૨૮-૯-૨૦૨૪ને શનિવારના રોજ એસટી બસ સ્ટેન્ડ-જૂનાગઢ ખાતે યોજાએલ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમમાં માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરાની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વચ્છતા અંગે જીવંત સાંસ્કૃતિક નાટકની અદભુત પ્રસ્તુતિ કરવામાં આવી હતી આ તકે ઉપસ્થિત જનસમુદાયને જાગૃત કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર-જૂનાગઢનાં કો-ઓર્ડિનેટર પ્રતાપસિંહ ઓરા, આ શાળાના આચાર્ય જયશ્રીબેન રંગોલિયા, શિક્ષકો નયનાબા મોરી, ઈલાબેન બાલસ, અને હેમાલીબેન સોલંકી સહિત એસટી વિભાગના વિમલભાઈ મકવાણા ડેપો મેનેજર જીતુભાઈ વાઢીયા એ.ટી.આઈ., સંજયભાઈ વાળા એ.ટી.આઈ., અરૂણભાઈ મકવાણા સુપરવાઈઝર અધિકારીઓ હાજર રહી વિદ્યાર્થીનીઓને પુરસ્કાર અને પ્રમાણપત્રથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

### આવ્યો મા ખોડલની આરાધનાનો અવસર

# પ્રથમ નોરતે કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિર સુધી પદયાત્રા યોજાશે

## ૩ ઓક્ટોબરે નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં પદયાત્રાનું આયોજન, શ્રી ખોડલધામ મંદિરે ધ્વજારોહણ કરાશે : નવરાત્રિ દરમ્યાન દરરોજ માતાજીને અવનવા શણગાર, હવન અને ધ્વજારોહણ કરવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨

હિંદુ ધર્મના સૌથી લાંબા તહેવાર ગણાતા નવરાત્રિનો પ્રારંભ તારીખ ૩ ઓક્ટોબરને ગુરૂવારથી રહ્યો છે. દર વર્ષની પરંપરા પ્રમાણે આ વર્ષે પણ નવરાત્રિના પ્રથમ દિવસે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા શ્રી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ પદયાત્રામાં દર વર્ષની જેમ બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે અને શ્રી ખોડલધામ મંદિરે પહોંચી મા ખોડલના દર્શન કરી, આશીર્વાદ લેશે. કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિરે પદયાત્રા થકી પહોંચ્યા બાદ મંદિરે ધ્વજારોહણ કરવામાં આવશે. નવરાત્રિના નવે-નવ દિવસ માતાજીને અવનવા શણગાર, હવન અને ધ્વજારોહણ કરી શ્રદ્ધાળુઓ આરાધના કરશે. નવરાત્રિ દરમ્યાન શ્રી ખોડલધામ મંદિર પરિસર લાઈટિંગથી ઝગમગી ઉઠશે.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા દર વર્ષે આસો મહિનાની નવરાત્રિના પ્રથમ નોરતે શ્રી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જે ક્રમ આ વર્ષે પણ ચાલુ રાખી પ્રથમ નોરતે ૩ ઓક્ટોબરને ગુરૂવારના રોજ સવારે ૭-૦૦ કલાકે કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધીની યોજાનાર પરંપરાગત પદયાત્રામાં શ્રદ્ધાળુઓ જોડાશે અને મા ખોડલના જય જયકાર સાથે શ્રી ખોડલધામ મંદિર પહોંચશે અને મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવી ધ્વજારોહણ કરવામાં આવશે. પ્રથમ નોરતે







ખોડલધામ પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં યજ્ઞ પણ કરવામાં આવશે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની આગેવાનીમાં યોજાનારી આ પદયાત્રામાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીઓ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના ટ્રસ્ટીઓ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન વેરાવળ-સોમનાથના ટ્રસ્ટીઓ, શ્રી ખોડલધામના જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કન્વીનરો, શ્રી ખોડલધામ મહિલા સમિતિ, શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ, શ્રી ખોડલધામ યુવા સમિતિ, શ્રી ખોડલધામ મીડિયા સમિતિ, શ્રી ખોડલધામ શિક્ષણ પાંખ, શ્રી ખોડલધામ લિગલ સમિતિ, અન્ય સમિતિઓ અને તમામ સમાજના ભાઈઓ-બહેનો જોડાશે.

આ વર્ષે કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધીની યોજાનાર પદયાત્રાને લઈને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. અત્યારથી જ પદયાત્રાને લઈને ભક્તોમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. પદયાત્રાના રૂટ ઉપર સ્વયંસેવકો વ્યવસ્થા જાળવવા ખડેપગે રહેશે. શ્રી ખોડલધામ મંદિર ખાતે શ્રદ્ધાળુઓ માટે ફરાળ અને અલ્પાહારની વ્યવસ્થા કરાઈ છે. પ્રથમ નોરતે સવારે ૭-૦૦ કલાકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓની હાજરીમાં કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રાનો પ્રારંભ થશે. મા ખોડલના રથની આગેવાનીમાં ગરબે રમતાં રમતાં શ્રદ્ધાળુઓ પદયાત્રામાં જોડાઈને ખોડલધામ મંદિરે પહોંચશે. પદયાત્રાનું સમાપન શ્રી ખોડલધામ મંદિરે થશે. મંદિરે પહોંચીને મા ખોડલની મહાઆરતી કરી મંદિરના શિખર ઉપર ધ્વજારોહણ કરી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવશે. નવરાત્રિ દરમિયાન દરરોજ શ્રી ખોડલધામ મંદિરે યજ્ઞશાળામાં હવન કરાશે અને મા ખોડલને રોજ અવનવા શણગાર અને ધ્વજારોહણ કરી શ્રદ્ધાળુઓ દ્વારા મા ખોડલની આરાધના કરવામાં આવશે. નવરાત્રિમાં નવે-નવ દિવસ મંદિર પરિસરને લાઈટિંગ અને ફૂલોનો શણગાર કરવામાં આવશે.

# ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે ચિલ્ડ્રવન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લાના બાળકોની ચિત્રકલામાં રૂચી વિકસે અને બાળકોને ચિત્રકલાના વિવિધ માધ્યમોની જાણકારી મળી રહે તે હેતુથી ચિલ્ડ્રકન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન સચિવ, ગુજરાત રાજય લલિતકલા અકાદમી, અમદાવાદ અને જિલ્લો યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી જૂનાગઢ દ્વારા કરવામાં આવનાર છે. જેમાં ૬ થી ૧૪ વર્ષ ના (જન્મ તા. ૧/૧/૨૦૧૧ થી ૩૧/૧૨/૨૦૧૮ વચ્ચે જન્મેલા હોવા જોઈએ) બાળકો આ પેઈન્ટીંગ વર્કશોપમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધીમાં જિલ્લો યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લો/ક નં. ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ ખાતે જરૂરી પુરાવા (આધારકાર્ડ) સાથે અરજી કરાવાની રહેશે. જેના ફોર્મ ફેસબુક આઈ.ડી. **Dydo Junagadh** ઉપરથી મેળવી શકાશે. અરજી કરેલ બાળકોને વર્કશોપના સમય અને સ્થએળની જાણ કરવામાં આવશે. એમ જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# એસવીએસ જૂનાગઢ કક્ષાનું ૫૯મું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૪ યોજાયું

જૂનાગઢ, તા.૨

**NCERT-L**યુ દિલ્હી દ્વારા વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણમાં રચનાત્મકતા અને આવિષ્કારિતાને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષે 'જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. આ આયોજન બાળકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય લોકોને સ્વાભાવિક જિજ્ઞાસા અને નૈસર્ગિક આવડતને બહાર લાવવા માટે એક માધ્યમ પૂરૂ પાડે છે. દરેક ગતિવિધિઓમાં વિજ્ઞાનની અનુભૂતિ કરાવવા, શીખવાની પ્રક્રિયામાં વિજ્ઞાન અને તકનીકી ઉપર ભાર મુકવા, વિવિધ સમસ્યાઓના સમાધાન માટે પ્રેરિત કરવા, શિક્ષણમાં વિશ્લેષણ-સંશોધનની મહત્વત્તા પ્રસ્થાપિત કરવા માટે આ આયોજન ખૂબ અગત્યત્તા ધરાવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનની મુખ્ય થીમ **"Science and Technology for Sustainable Future"** છે. જેમાં **(1) Food, Health & Hygiene (2) Transport & Communication (3) Natural Farming (4) Mathematical Modelling & Computational Thinking (5) Disaster Management & Waste Management-Resource Management** જેવા વિષયોને લગતા નમૂના, મોડેલ્સ અને પ્રોજેક્ટ્સના પ્રદર્શન દ્વારા વર્તમાન સમયમાં



સજીવ સૃષ્ટિ માટે ખૂબ જ આવશ્યક છે એવી બાબતો ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. **GCER** પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જૂનાગઢ તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી-જૂનાગઢનાં સંયુક્ત ઉપક્રમે તા.૩૦-૦૯-૨૦૨૪ ને સોમવારના રોજ **"SVS** જૂનાગઢ કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૪'' કાર્મેલ કોન્વેંટ સ્કૂલ-જૂનાગઢ ખાતે યોજવામાં આવ્યું હતું. આ આયોજન માટે માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયાએ **SVS** કન્વીનર તરીકે જહેમત ઉઠાવી હતી. શ્રી બહાઉદ્દીન સાયન્સ કોલેજ-જૂનાગઢના પ્રિન્સિપાલ ડો.આર.પી.ભટ્ટના વરદ હસ્તે ઉક્ત પ્રદર્શનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તકે કાર્મેલ કોન્વેંટ સ્કૂલના ટ્રસ્ટી સી.લુઈઝા સિકવેરા, પ્રિન્સિપાલ સી.કલેરા મીન્ઝ, ડૉ.હરિભાઈ ગોધાણી કેમ્પસ-જૂનાગઢના કેમ્પસ ડાયરેક્ટરશ્રી સી.પી.રાણપરિયા સાહેબ અને પુલકિત સ્કૂલના આચાર્યશ્રી જે.કે.કોરિયા સાહેબ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે આર.પી.ભટ્ટ, સી.પી.રાણપરિયા અને સુશ્રી જયશ્રીબેન રંગોલિયાએ મનનીય પ્રવચનમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અમૂલ્ય માર્ગદર્શન આપીને ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રદર્શનના પાંચ વિભાગોમાં જુદી-જુદી શાળાઓના (૩૮) વિદ્યાર્થીઓ અને (૧૯) શિક્ષકો દ્વારા (૧૯) કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાંથી નિર્ણાયકો ડો.જસ્મિન ઠાકર, પ્રો.મિતલ વ્યાસ, પ્રો.પાર્થ ડોડીયા અને ડૉ.ભાવેશ સરવૈયા દ્વારા નીચે મુજબ શ્રેષ્ઠ (૦૫) કૃતિઓની પસંદગી કરવામાં આવી હતી.

વિભાગ ૧ : મલ્ટીગ્રેન આટા અપનાવો; ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલ અટકાવો (શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય-જૂનાગઢ)

વિભાગ ૨ : જોષીપુરા રેલવે ઓવરબ્રિજ ડિઝાઈન (માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર, જોષીપુરા, જૂનાગઢ)

વિભાગ ૩ : થોડી જગ્યામાં વધુ ઓર્ગેનિક ખેતી (શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય-જૂનાગઢ)

વિભાગ ૪ : સ્માર્ટ રોડ પાર્કિંગ (શ્રી પ્રેમાનંદ વિદ્યા મંદિર-જૂનાગઢ)

વિભાગ ૫ : ફાયર સેફ્ટી (શ્રી કે.જી.ચૌહાણ કન્યા વિદ્યાલય-જૂનાગઢ)

ઉક્ત પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓ આગામી સમયમાં જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં રજૂ કરવામાં આવશે. ઉક્ત પ્રદર્શનની વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો સહિત કુલ (૬૬૦) જેટલા લોકોએ મુલાકાત લીધી હતી. આ વેળાએ મહેમાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે બપોરના ભોજન અને નાસ્તાની પણ ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

# જૂનાગઢ જીલ્લાના બાગાયત ખેડૂતો માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું

## બાગાયત ખાતાની વિવિધ સહાયોના લાભો મેળવવા ૧૫ ઓક્ટોબર સુધી કરી શકાશે ઓનલાઈન અરજી

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લાના બાગાયત ખેડૂતોને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓના લાભ આપવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં આ યોજનાનો લાભ લેવા માંગતા ખેડૂતોએ તા.૧૫/૧૦/૨૦૨૪ સુધી **ikhedut portal (www. ikhedut. gujarat. gov.in)** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. રાજ્ય સરકારની વિવિધ સહાયલક્ષી યોજનાઓ હેઠળ આવતા વિવિધ ઘટકો જેવા કે, આંબા તથા જામફળ- ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ, કમલમ ફળ (ડ્રેગનફ્રૂટ)ના વાવેતર માટે સહાયનો કાર્યક્રમ, કેળ (ટીસ્યુ)- ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ, કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો-આંબા, જામફળ, દાડમ, લીંબુ માટે, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતીમાં સહાય, પપૈયા- ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ, ફળપાક પ્લાન્ટીગ મટીરીયલમાં સહાય કાર્યક્રમ, વધુ ખેતી ખર્ચવાળા ફળ પાકો સિવાયના ફળપાકો, સરગવાની ખેતીમાં સહાય, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, ફુલપાકો, નેટહાઉસ -નળાકાર સ્ટ્રક્ચર માટે, કોલ્ડ સ્ટોરેજ (બાંધકામ, વિસ્તરણ અને આધુનિકીકરણ ) જેવા વિવિધ ઘટકોમાં સહાયનો લાભ લેવા માંગતા બાગાયત ખેડૂતમિત્રો ઓનલાઈન અરજી કરી શકશે, તેમ બાગાયત વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ખેડૂતોએ અરજી કર્યા બાદ ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટઆઉટ અને તેની સાથે જરૂરી સંબધિત સાધનિક કાગળો (૮-અ, ૭-૧૨ ની નકલ, આધારકાર્ડ, ખેડુત નોંધણી પત્રક, બેંક પાસબુકની નકલ/ બેંક ખાતાની વિગત) સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી, લઘુકૃષિભવન,નિલમબાગ,તાલુકા સેવાસદનની બાજુમાં જૂનાગઢ ખાતે જમા કરાવવાની રહેશે, એમ નાયબ બાગાયત નિયામક, જૂનાગઢની અખબારી યાદીમાં જણાવાયુ છે. વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામક, જૂનાગઢની કચેરીના ૦૨૮૫-૨૬૩૫૦૧૯ નંબર ઉપર સંપર્ક કરી શકશે.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં સ્વચ્છતા પખવાડિયાનો પ્રારંભ

## રેલવે કર્મચારીઓએ દર વર્ષે ૧૦૦ કલાક શ્રમ દાન કરવાના લીધા શપથ



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ઉપર સ્વચ્છતા પખવાડિયાના પ્રારંભે ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમારે ઉપસ્થિત તમામ રેલવે કર્મચારીઓ અને અધિકારીઓને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. આ દરમ્યાન દરેકે દર વર્ષે ૧૦૦ કલાક શ્રમ દાન કરીને સ્વચ્છતાના સંકલ્પને પૂર્ણ કરવાના શપથ લીધા હતા. ડીઆરએમ અશ્વનીકુમારે દરેકને અપીલ કરી હતી કે આપણે ગંદકી દૂર કરીને ભારત માતાની સેવા કરવાનો સંકલ્પ લેવો પડશે, આ માટે આપણે સ્વચ્છતા પ્રત્યે સભાન રહેવું પડશે અને તેના માટે સમય આપવો પડશે. આપણે આની શરૂઆત આપણાથી, પરિવારથી, વિસ્તારથી, ગામથી અને આપણા કાર્યસ્થળથી કરવી જોઈએ. આ માટે આપણે સંકલ્પ લેવો જોઈએ કે ન તો આપણે ગંદકી કરીશું અને ન તો બીજાને કરવા દઈશું. અશ્વનીકુમારે હાજર રેલવે કર્મચારીઓને અનુરોધ કર્યો કે તેઓ પોતપોતાના સ્તરે ૧૦૦ લોકોને સ્વચ્છતાના શપથ લેવડાવે જેથી સ્વચ્છતા તરફનું આપણું એક પગલું સમગ્ર ભારતને સ્વચ્છ બનાવવામાં મદદરૂપ બને. ૧ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી ચાલનારા આ પખવાડિયાના સ્વચ્છતા અભિયાનમાં દરેક દિવસને અલગ-અલગ થીમના આધારે વહેંચવામાં આવ્યો છે અને આ સમયગાળા દરમ્યાન સ્વચ્છતા જાગૃતિ, સેમિનાર અને રેલીનું પણ આયોજન કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પૈસા માણસના સ્વભાવને બહાર લાવે છે

હેનરી ફોર્ડ કહે છે કે પૈસો માણસોને બદલી શકતો નથી, તે ફક્ત તેમને ઢાંકી દે છે. જો માણસ સ્વાભાવિક રીતે સ્વાર્થી , તુંડ મિજાજી,ઘમંડી કે લોભી હોય, તો પૈસા તેને બહાર લાવે છે. પૈસો વધુ આવવાથી તે વૃતિ અને સ્વભાવને વેગ મળે છે. સામાન્ય રીતે સમાજમાં એવી વાતો થતી હોય છે કે જ્યારે માણસ પાસે રૂપિયા આવે છે ત્યારે તે બદલાઈ જાય છે પરંતુ તે બદલાઈ જતું નથી પરંતુ તેના અંદરના ગુણો જે હોય તે બહાર આવતા હોય છે. આપણા ગુજરાતીમાં કહેવત છે કે મિયા મસાલા વગર મોળા છે જે વ્યક્તિ મૂળથી કંજૂસ હશે તે પૈસો આવવાથી વધુ કંજૂસ બનશે અને જે ઓછા પૈસા હતા ત્યારે પણ ઉદાર અને પરોપકારની ભાવના ધરાવતો હશે તે પૈસો વધુ આવતા તેની દાન અને બીજાની મદદ કરવાની પણ હવે ક્ષમતા વધુ હોઈ તેની સખાવતનો વ્યાપ વધારવા પ્રેરાશે. જે વ્યક્તિને મોજશોખ ઐયાશી કરવી છે પણ પૈસા નહીં હોવાથી તેને જે કરવું છે તે ઓછું કરતો હતો તે હવે પૈસા મળતા તે રીતે તેનો વ્યાપ વધારે છે.

માત્ર સામાજિક સમાનતા કે અસમાનતાની વાત નથી. વાત સમૃદ્ધિ વ્યક્તિને કેવી રીતે પ્રભાવિત કરે છે તેની છે. પૈસો માણસને બદલી નાખતો નથી. પૈસો માણસના અસલી ચારિર્ત્યને બહાર લાવે છે. જે માણસમાં સહાનુભૂતિ હશે, તે માણસ અમીર બનીને વધુ સહાનુભૂતિ વાળો બની જશે અને જે માણસ સ્વાર્થી હશે, તે વધુ સ્વાર્થી બની જશે.સવાલ એ છે કે પૈસા આવી જવાથી માણસનો આચાર-વિચાર કેમ બદલાઈ જાય છે? આમ જોવા જઈએ તો જેની પાસે સંશાધનો ઓછાં હોય, તે સ્વાર્થી હોવા જોઈએ અને જેની પાસે બહુ સંશાધનો છે તે ઉદાર હોવા જોઈએ. ફિલ્મનું જ ઉદાહરણ લઇ તો, હીરો રાજકુમાર એટલો ગરીબ છે કે તે પૈસા ભરેલું પાકીટ પોતાની પાસે રાખી લે તો કોઈને આશ્ચર્ય થવું ન જોઈએ. પરંતુ, શેઠ રામનાથ ગવાહી આપે છે તે પ્રમાણે, જેને પૈસાની જરૂર નથી તેમણે બીજાઓના પૈસા મારી લીધા છે.

આપણી નજર સામે કેટલાક પરિચિતો અને મિત્રો સાવ સામાન્ય સ્થિતિમાંથી આગળ આવીને વર્ષો બાદ શ્રીમંત બને છે. આપણામાંના મોટાભાગનાની તે વખતે એવી પ્રતિક્રિયા હોય છે કે ’હજુ થોડા વર્ષો પહેલા તો આ મિત્ર કે પરિચિત જોડે સ્કુટર પર બેસીને રખડતા હતા. અડધી ચા સાથે મસ્તી કરતા હતા પણ હવે આ મિત્ર પૈસાદાર બન્યો છે તે સાથે જ બદલાઈ ગયો છે. તેની પાસે એક જાણીતા વૃદ્ધાશ્રમ માટે દાનની નાની અમથી રકમ માંગવા ગયો ત્યારે તેણે ઘસીને ના પાડી દીધી હતી કે ’હું આવા બધા દાન ધર્માદામાં માનતો નથી.’ તેને ઘેર ગયો ત્યારે જુના સંસ્મરણોની વાત છેડી ત્યારે મોબાઈલ ફોનને જ વળગી રહી મારી વાતમાં કોઈ રસ ન બતાવ્યો. ચા કે કોફીનું પૂછવાનું તો ઠીક નોકર પાણીનો પ્યાલો આપી ગયો. તેણે મારી ભારોભાર ઉપેક્ષા કરી. પૈસો આવતા જ તેના વર્તનમાં તુમાખી આવી ગઈ છે અને તે વધુને વધુ કંજૂસ બનતો જાય છે,’

અમેરિકાની નેશનલ એકેડમી ઓફ સાયન્સીઝના સમીક્ષા જર્નલમાં પ્રગટ એક અભ્યાસમાં એવું તારણ આપવામાં આવ્યું હતું કે જેની પાસે સમૃદ્ધિ, પ્રતિષ્ઠા અને શિક્ષણ જેવા સામાજિક પ્રભાવ હોય, તેઓ બીજા લોકોની ભાવનાઓની દરકાર ઓછી કરે છે. મનોવૈજ્ઞાનિકો આવી બાબતોનો અભ્યાસ કરવા માટે રોજીંદા જીવનની ઘટનાઓનું નિરીક્ષણ કરતા હોય છે.એકટર શાહરુખ ખાને એકવાર કહ્યું હતું કે, "જે માણસ વેઈટર સાથે સભ્યતાથી ન વર્તે તે માણસ સભ્ય નથી." હોટેલ કે રેસ્ટોરન્ટમાં એક વેઈટર સાથે અમીર માણસનો વ્યવહાર એક સાધારણ માણસની સરખામણીએ રુક્ષ હોય છે.વ્યક્તિ તેની સામાજિક હેસિયતથી સમાન હોય, ઉપર હોય કે નીચે હોય તેની સાથે કેવી રીતે વ્યવહાર કરે છે તે નોંધજો. તમને ખ્યાલ આવશે કે જે લોકો પ્રતિષ્ઠા કે પૈસામાં ઉપર હશે તેમનામાં ઉદારતા તેમજ સભ્યતા ઓછી હશે, તેને હું જ છું એમ લાગતું હશે અને એના આગળ બધા કંઈ જ નથી.

કદાચ તેમાં પૈસા હોવા કે ન હોવાનો મામલો નથી. મનોવિજ્ઞાનિકો કહે છે કે સમૃદ્ધિ માણસને સાચા-ખોટા, નીતિ-અનીતિ કે યોગ્ય-અયોગ્યની દુવિધામાંથી આઝાદ કરે છે. સમૃદ્ધિ માણસને બીજી વ્યક્તિ પરની નિર્ભરતામાંથી પણ મુક્ત કરે છે. સમૃદ્ધિ વ્યક્તિને સ્વતંત્રતાનો અહેસાસ કરાવે છે - હું કંઈ પણ કરી શકું છું અને મને કોઈની જરૂર નથી. એટલા માટે "પૈસો હાથનો મેલ છે" તે ગરીબોની કહેવત છે, પણ "પૈસો જ પરમેશ્વર છે" તે અમીરોની કહેવત છે.

ન્યૂઝરૂમમાં લલ્લનટોપના શો ગેસ્ટનો એક વીડિયો યુટયુબના ફીડ પર હાલ વાયરલ છે. જેમાં હની સિંઘ મહેમાન તરીકે હતા. જો તમે સંપૂર્ણ વિડિયો જોશો, તો તમે જોશો કે તેમના દ્વારા કરવામાં આવેલી ઉદાસીનતાનું રીગ્રેશન કેવી રીતે અને કેટલું છે. વડીલો સાચું કહે છે કે જે વ્યક્તિ જમીન સાથે જોડાયેલ નથી, તે થોડી ખ્યાતિ અને કમાણીથી પાગલ થઈ જાય છે, પછી હની સિંહને અપાર આર્થિક સુદ્ધતા તથા ખ્યાતિ મળી. તેઓને અફસોસ છે કે તેઓ કેવી રીતે તેમની ટોચ પર હતો ત્યારે માતા-પિતા થી દુર અને દારૂ અને છોકરીઓની નજીક હતો અને ત્યારે તે માનસિક હતાશાથી ઘેરાયેલા હતો અને પછી ઘરે બંધ રહ્યા હતા, ત્યારે આ બધા પરિવારના સભ્યો જ કામમાં આવ્યો હતો.આ વાત જાણવી જોઈએ કે હની સિંહ ને અફસોસ છે કે તેણે પરિવારથી દૂર રહી, મનસ્વી વર્તન કરવાથી, વધુ પડતું વ્યસન, બે ફિકર રહીને જીવન જીવવાથી, હું જ છું તેવું અભિમાનથી , ભગવાનથી દૂર રહીને, આધ્યાત્મિકતાથી દૂર રહીને પોતાને કેટલું નુકસાન કર્યું છે અને આ બધું માત્ર ક્ષણીક આનંદ માટે હતું. હની સિંગ ની માનસિકતા તપાસતા પણ કહી શકાય કે પૈસા આપવાથી માણસ પોતાના મૂળ સ્વભાવને બહાર લાવે છે. મગજમાં પૈસા ભરાવાથી હૃદયની લાગણી મરણ પામે

# શિવરાજપુર બીચ ખાતે વોટર સ્પોર્ટસ એકટીવીટી શરૂ કરાય : ધારાસભ્ય પબુભા માણેક

## દરેક નિયમ પાળવામાં આવશે, મંજૂરી આપવામાં આવે : પબુભા




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨

શિવરાજપુર બીચ ખાતે વોટર સ્પોર્ટસ એકટીવીટી પુનઃ શરૂ કરવા અધિકારીઓ સાથેની મીટીંગમાં ૮૨ દ્વારકા કલ્યાણપુર મતવિસ્તારના ધારાસભ્ય પબુભા માણેકે બહોળી સંખ્યામાં વોટર સ્પોર્ટસ એકટીવીટીઝ સાથે સંકળાયેલા લોકોની ઉપસ્થિતિમાં અધિકારીગણને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે શિવરાજપુર બીચ ખાતે વોટર સ્પોર્ટસ એકટીવીટીઝ પુનઃ શરૂ કરવામાં આવે. આ અંગે દરેક નિયમોનું પાલન કરવામાં આવશે અને આ અંગે ૨૦ દિવસમાં નિર્ણય લેવામાં આવે તથા મંજૂરી આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી સમયમાં દિવાળી તથા ક્રિસમસના વેકેશનનો સમયગાળો આવી રહ્યો છે. આ ઉપરાંત ઓકટોબરથી માર્ચ સુધીનો સમયગાળો અન્ડરવોટર એકટીવીટીઝ માટે બેસ્ટ ગણાતો હોય દેશ વિદેશથી સ્કૂબા ડાઈવર્સ પણ શિવરાજપુર બ્લ્યુ ફલેગ બીચની મુલાકાત લેતાં હોય છે. વડોદરા બોટ દુર્ઘટના બાદથી રાજયભરમાં વોટર સ્પોર્ટસ એકટીવીટીઝને નિયમોનો હવાલો આપી બંધ કરી દેવામાં આવી છે ત્યારે ઓખામંડળના સેંકડો લોકોને રોજગારી આપતા વોટરસ્પોર્ટસ એકટીવીટીઝને નિયમાનુસાર મંજૂરી આપી પુનઃ શરૂ કરવામાં આવે તેવી સ્થાનીય ધારાસભ્યની માંગની સાથોસાથ સ્થાનીકો પણ શિવરાજપુર બીચ પુનઃ વોટરસ્પોર્ટસ એકટીવીટીઝથી ધમધમે તેની રાહ જોઈ રહયા છે. આગામી સમયના યાત્રીકોના ટ્રાફીકને જોતાં પ્રવાસનને વેગ મળે તે હેતુથી પણ આ અંગે તુરંતમાં નિર્ણય લેવાય તે ઈચ્છનીય છે.

## જૂનાગઢ યાર્ડ ખાતે ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



માર્કેટિંગ યાર્ડ - જૂનાગઢ ખાતે મહાત્મા ગાંધીજી ની જન્મ જયંતિ નિમિત્તે માર્કેટિંગ યાર્ડ ના રોડ - રસ્તા ની સાફ સફાઈ કરી "સ્વચ્છતા અભિયાન" ની ઉજવણી કરવામાં આવી.

# IBM ગાંધીનગરનાં નેજા હેઠળ સૌરાષ્ટ્ર સિમેન્ટ લિ. દ્વારા આયોજિત ૩૧માં MEMC સપ્તાહનો સમાપન

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨

IBM ગાંધીનગરનાં નેજા હેઠળ સૌરાષ્ટ્ર સિમેન્ટ લિ. દ્વારા આયોજિત ૩૧માં MEMC સપ્તાહનાં સમાપન દિવસના ફંકશનો સાથે સમાપ્ત થયું. આ કાર્યક્રમમાં ભારતમાં સસ્ટેનેબલ ખાણકામનાં ભવિષ્ય અંગે ચર્ચા કરવા માટે મૂખ્ય સરકારી અધિકારીઓ અને ઉધોગોનાં અધકારીઓ ભેગા થયા હતા. પી. એન. શર્મા, ચીફ કંટ્રોલર ઓફ માઈન્સે તેમની અધ્યક્ષતામાં મૂખ્ય અતિથિ તરીકે સંબોધનમાં પર્યાવરણીય રીતેની જવાબદારીઓ અને માઈનીંગ પધ્ધતિમાં નવીનીકરણનાં મહત્વ ઉપર ભાર મુકયો હતો. અભય અગ્રવાલ કન્ટ્રોલર ઓફ માઈન્સ(NZ), જય કુમાર પાંડે આસ. કન્ટ્રોલર ઓફ માઈન્સ(NZ) અને પુષ્પન્દુ ગૌર રીજીઓનલ કન્ટ્રોલર ઓફ માઈન્સ એન્ડ કન્વીનર ઓફ MEMC વીકે તેમના સંબોધનમાં ઉપસ્થિત ગણને સંબોધિત કરતા ભારતમાં ખાણ ક્ષેત્રને આધુનિક બનાવવાની સરકારની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. એક નોંધપાત્ર ક્ષણ એ હતી કે જી.એચ.સી.એલ. લિ.ના એન.એન. રાડીયા, સીની. પ્રેસીડેન્ટ એન્ડ સી.ઓ.ઓ.ને આગામી MEMC ‘વીક’નાં યજમાન તરીકે ધ્વજ સોંપવામાં આવ્યો. આ પ્રસંગે કાર્યક્રમમાં અમ્બુજા, અલ્ટ્રાટેક, જી.એમ.ડી.સી. અને સાંધી જેવી ગુજરાતની મેજર મેટલ માઈન્સનાં યોગદાનની ઉજવણી કરવામાં આવી હતી જેમને પર્યાવરણને અનુકુળ અને ટકાઉ માઈનીંગ પ્રેકટીશ પ્રત્યેનાં તેમના સમર્પણ બદલ પુરસ્કાર આપ્યા. પુરસ્કાર સમારોહમાં તમામ વિજેતા માઈન્સોનું સન્માન કરવામાં આવ્યુ અને સસ્ટેનેબલ ઉકેલો લાગુ કરવા અને ખાણકામ ઉધોગ માટે નવા માપદંડો સ્થાપિત કરવા માટેની તેમની પ્રતિબધ્ધતાની પ્રશંસા કરવામાં આવી હતી. મુખ્ય વિષયોમાં નવચર સ્પોર્ટસ એકિટવીટી દવારા સામુદાયિક જોડાણ, માઈનીંગ પ્લાન એપ્રુવલ સીસ્ટમ(MPAS)ની રજુઆત અને ઓપરેશનલ કાર્યક્ષમતાની ઉન્નતિ માટે ડ્રોનથી સર્વેનો સમાવેશ થાય છે. વધુમાં, સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી સ્થાનિક પ્રતિભા દર્શાવતા સાંસ્કૃતિક કાર્યક્રમોએ આ વિસ્તારનાં સમૃધ્ધ વારસાની ઉજવણી કરીને આ કાર્યક્રમમાં વિશેષ રસ ઉમેર્યો હતો. MEMC સપ્તાહના સમાપન દિવસનાં કાર્યક્રમમાં ભારતમાં સસ્ટેનેબલ ખાણકામનાં ભાવિને આગળ ધપાવતા સરકાર અને માઈનીંગ ઉધોગો વચ્ચેનાં સહયોગની પુનઃપુષ્ટિ કરી હતી.

# માળીયાહાટીના તાલુકાના અમરાપુરનો યુવાન મહિલાને છરી ઝીંકી તેની સગીર દીકરીનું અપહરણ કરી જતા પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

માળીયાહાટીના તાલુકાનાં અમરાપુર ગામનો પરેશ ગોવિંદ નામનો યુવાન એક ગામની મહિલાને છરી ઝીંકી તેની સગીર દીકરીનું અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગેની પોલીસમાંથી મળતી વિગત મુજબ મહિલાએ માળીયાહાટીના પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર ૧૭.૬ વર્ષની સગીર વયની દીકરી સાથે મોબાઈલ ફોનથી પરેશ ગોવિંદ સંપર્કમાં આવી સંબંધ કર્યો હતો. અને આ માટે સગીરાને મોબાઈલ ફોન પણ આપ્યો હતો. બંને વચ્ચે છેલ્લા એક વર્ષથી વાતચીત થતી હતી. આ દરમિયાન સોમવારની સાંજે પરેશ સગીરાના ઘરે તેને ભગાડી જવા માટે પહોંચ્યો હતો. ત્યારે તરુણી તેની માતા સાથે ઘરે હતી. આ શખ્સનો ખરાબ ઈરાદો જાણી જતા મહિલાએ તેનો પ્રતિકાર કર્યો હતો પરંતુ શખ્સે મહિલાને છરી ઝીંકી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી સગીરાનું અપહરણ કરી ગયો હતો. આ હુમલામાં ઈજા થતા મહિલાને માળિયા ખાતે સારવાર માટે ખસેડવામાં આવી હતી. ઘટનાને લઈને માળિયાના મહિલા પીએસઆઈ એસ. આઈ. સુમરાએ મહિલાની ફરિયાદ લઈને પોક્સો, એટ્રોસિટી સહિતનો ગુનો નોંધી આરોપી વિરૂદ્ધ કાર્યવાહી કરી હતી. વિશેષ તપાસ માંગરોળના ડીવાયએસપી ડી.વી. કોડીયાતર ચલાવી રહ્યા છે.

# ગ્રામ ભારતી જૂનાગઢ સંચાલીત ખાદી ગ્રામ ઉદ્યોગ ભવન જૂનાગઢ ખાતે ખાદી ઉત્સવની ઉજવણીનો પ્રારંભ

જૂનાગઢ તા.૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ આજ તા.૨ ઓકટોબરની જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉજવણી કરવામાં આવી રહી છે. અને પ્રાર્થનાસભા પૂજન, સુતરની આંટી પહેરાવી અને રાષ્ટ્રપિતાને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી રહી છે. દરમ્યાન જૂનાગઢમાં આઝાદચોક ખાતે આવેલ ખાદી ગ્રામઉદ્યોગ ભવન ખાતે સંસ્થા દ્વારા ખાદી ઉત્સવની ઉજવણીનો પ્રારંભ આજથી કરવામાં આવ્યો છે. આજે યોજાયેલા ખાદી ઉત્સવ ઉજવણીના કાર્યક્રમમાં વિવિધ



ક્ષેત્રના અગ્રણીઓ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામભારતી જૂનાગઢના પ્રથમ કલ્પેશભાઈ મોહનભાઈ પટેલને મંત્રીશ્રી સીરીશભાઈ સાપરીયાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. ખાદી ગ્રામઉદ્યોગભવન ખાતે ખાદી અને ખાદીના ઉત્પાદનો તેમજ ગ્રામઉદ્યોગની ઉત્તમ વસ્તુઓ તદન વ્યાજબી કિંમતે ખરદીવાના અવસર અંતર્ગત ૨ જી ઓકટોબર એટલે કે આજથી આ સંસ્થા દ્વારા ખાદી ઉત્સવ ઉજવવામાં આવી રહેલ છે અને ઓકટોબર માસ દરમ્યાન ખાદી ભવન ખાતેથી ખાદી તથા ખાદીના ઉત્પાદનોનો વિશેષ વળતરથી વેચાણ કરવામાં આવી રહેલ છે. ખાદી પ્રવૃત્તિને તથા ગ્રામઉદ્યોગના કાર્યકરોને પ્રોત્સાહિત કરવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવી રહેલ છે.

# સોમનાથ સર્વ પિતૃ અમાસ નિમિતે ત્રિવેણી સંગમે ઉમટયો શ્રધ્ધાળુઓનો માનવ મહેરામણ



(પ્રતિનિધી દ્વારા)


પ્ર.પાટણ તા.૨

પિતૃ માસ સમાપન અને આજે સર્વપિતૃ અમાસ હોય, સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમ નદીએ શ્રધ્ધાળુ માનવ મહેરામણ ઉમટયો છે.

ત્રિવેણી ઘાટે પિતૃઓને યાદ કરી, દાન દક્ષીણા, તર્પણ, શ્રાધ્ધવિધી કરી પિતૃ પુજન કરાઈ રહયું છે. સાથો સાથ પવિત્ર ત્રિવેણી સંગમ સ્નાન કરી મોક્ષ પીપળે જાળ રેડી પિતૃઓને પાણી પાઈ પિતૃઓને ભાવવંદન સાથે વિધિવિધાન કરી રહયા છે.

પ્રભાસ તીર્થે શ્રાધ્ધ તીર્થ પણ છે. અહીં સર્વપિતૃ શ્રાધ્ધનો શાસ્ત્રોકત મહિમા છે. ગ્રામ્ય વિસતારમાંથી આવતા લોકો પોતાના પરંપરાગત ગ્રામ્ય પોષાકમાં અને પરિવારના તમામ સભ્યો આ શ્રાધ્ધ કાર્યમાં આવતા રહે છે.

# ઉના એસટી ડેપોમાં વ્યસનમુક્તિ શિબિર



ઉના તા. ૨

ઊનામાં આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય કેન્દ્રના સંચલિકાઓ દીદી દ્વારા ઊના એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓને વ્યસનમાંથી મુક્તિ મળે તે માટે ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં ઊનાના ડેપો મેનેજર એલ. ડી. રાઠોડ અને ફરજ બજાવતા કર્મચારીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. અને દીદીએ લોકોને સમજાવેલ કે કોઈપણ જાતનું વ્યસન રાખવું નહિ, વ્યસનથી પોતે તો બરબાદ થાય છે અને પરિવારને પણ આર્થિક રીતે બરબાદ કરે છે. લોકોને વ્યસન મુક્ત જીવન જીવવા સમજાવેલ હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કલ્યાણ કરનારા કોઈપણ મનુષ્યને દુર્ગતિ મળતી નથી.

- શ્રીમદ્ ભાગવત ગીતા

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૩૦ સર્વપિતૃ અમાવસ્યા, દર્શ અમાવસ્યા, ચૌદશ-પૂનમ અને અમાસનું શ્રાધ્ધ, મહાલય સમાપ્ત, મહાત્મા ગાંધી જયંતિ તા.૨ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૨૮, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, બ્રહ્મ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૪૪, સૂ.અ.૬:૩૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા.
વૃષભ:ગૃહસ્થજીવનમાં મતભેદ થાય. મનમાં મૂંઝવણ રહે.
મિથુન:મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. ક્રોધ પર કાબુ રાખવો.
કર્ક: મનની મુરાદ પૂરી થાય. નવિન લાભની તક સાંપડે.
સિંહ: હાથમાં આવેલી તક સરી જાય. આરોગ્ય અંગે ચિંતા.
કન્યા: મનમાં ખિન્નતા રહે. ગુપ્ત ચિંતા રહે.
તુલા: આર્થિક સમસ્યા તીવ્ર બને. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.
વૃશ્ચિક:આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે. બેચેની અનુભવાય.
ધન: આરોગ્ય અંગે સાવધાની જરૂરી બને. ગૃહવિવાદના ભોગ બનવું
મકર: યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજ હળવો બને.
કુંભ: વાણી સંયમ જાળવવો હિતાવહ. લાભની તક સરી જાય.
મીન: પ્રવાસ-મુસાફરીમાં લાભ થાય. આકસ્મીક ધનલાભ થાય.

# ગુરૂવારથી આસો નવરાત્રીનો પ્રારંભ

આસો સુદ એકમને ગુરૂવાર તા.૩-૧૦-૨૪ના દિવસથી આસો નવરાત્રીનો પ્રારંભ થશે.

વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. (૧) આસો નવરાત્રી, (૨) મહા નવરાત્રી, (૩)ચૈત્ર નવરાત્રી અને (૪) અષાઢ નવરાત્રી. તેમાં આસો નવરાત્રીને મોટા નોરતા કહેવામાં આવે છે.

આસો નવરાત્રીમાં માતાજીની ઉપાસના યુગોથી થતી આવે છે. કોપાઈમાન દેવીએ જયારે દાનવોનો સંહાર કર્યો ત્યારે મહાદેવજીએ માતાજીના ક્રોધને શાંત કરેલો.

નવરાત્રી દરમ્યાન કરેલી માતાજીની ઉપાસના પુજા તુરંત ફળદાઈ બને છે અને કલ્યાણકારી બને છે.

ખાસ કરીને નવરાત્રી દરમ્યાન ઘરે ઘટ્ટ સ્થાપના અથવા તો ગરબાની સ્થાપના કરી અને સવારે તથા સાંજે દિવસ આથમ્યા પછી તેમાં દિવો કરવો અને ઘરના બધા જ સભ્યોએ ભેગા મળી અને માતાજીના ગરબા ગાવા. હાલના સમયમાં માતાજીના ગરબા ગાવાનું પ્રમાણ ખુબ ઘટી ગયેલ છે પરંતુ સમય અનુકુળતાએ ઘરના બધા જ સભ્યો ભેગા મળી અને માતાજીના ગરબા ગાય જપ ઉપાસના કરે તો જીવનની બધી જ મુસીબતો દુર થાય છે.

માતાજીના નવ નોરતા દરમ્યાન નવદુર્ગા માતાજીની પુજા ઉપાસનાનું પણ મહત્વ છે. નવદુર્ગા માતાજીના નામ આ પ્રમાણે છે. શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી, સિધ્ધિદાત્રી.

નવરાત્રી દરમ્યાન દરરોજ સવારે, સાંજે અને રાત્રે નવદુર્ગા માતાજીનાં નામ લેવાથી જીવનમાં શાંતી મળે છે. અને નવદુર્ગા માતાજીની ઉપાસના કુળદેવીની ઉપાસના કરવાથી જીવનની મુસીબતો દુર થાય છે.

ભગવાન રામે પણ નવરાત્રી દરમ્યાન રાવણને મારવા માં નવદુર્ગાની ઉપાસના કરેલી. નવરાત્રી દરમ્યાન કુળદેવીના જપ નવાર્ણ મંત્રના જપ કરવાથી જીવનના અશુધ તત્વો દુર થાય છે.

**નવરાત્રી દરમ્યાન શુધ દિવસોની યાદી**

(૧) આસો સુદ એકમ, ૩ ઓકટોબર ગુરૂવારથી નવરાત્રીનો પ્રારંભ

(૨) આસો સુદ ચોથ, ૭ ઓકટોબર સોમવાર લલીતા પંચમી. આ દિવસે શ્રી ઉપાસના તથા શ્રી સુકનના પાઠ કરવા ઉત્તમ છે.

(૩) આસો સુદ સાતમ, ૧૦ ઓકટોબર ગુરૂવાર, માં સરસ્વતી ઉપાસનાનો દિવસ

(૪) આસો સુદ આઠમ, ૧૧ ઓકટોબર શુક્રવાર, હવનાષ્ટમી નેવૈદ્ય દિવસ

(૫) આસો સુદ નોમ, ૧૨ ઓકટોબર શનિવાર, નવમું નોરતું - દશેરા

જે લોકો નોરતા રહેતા હોય તેઓએ શનીવારે પણ રહેવાનું છે. નોમના નૈવેદ્ય આ દિવસે કરવા.

દિવસ આથમ્યા પછી ગરબામાં દિવો કરી ગરબા ગાઈ અને ત્યાર બાદ મંદિરે આ દિવસે ગરબો દિવસ આથમ્ય પછી પધરાવા જવું.

ખાસ નોંધ : રવિવારે મંગળવારે ગરબો પધરાવાતો નથી. આથી શનીવારે દિવસ આથમ્યા પછી ગરબો પધરાવા જવું.

(જયોતિષી રાજદીપ જોષી-વેદાંત રત્ન)

# અંદાજે ૧૮થી ૨૦ લાખની વિવિધ પક્ષીની વસ્તી સાથે ગુજરાત પક્ષીઓના 'સ્વર્ગ' તરીકે ઊભર્યું !

## કચ્છમાં સૌથી વધુ ૪.૫૬ લાખથી વધુ પક્ષી જોવા મળ્યા, દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પ્રજાતિ નોંધાઈ, સૌથી વધુ ૩.૬૨ લાખથી વધુ પક્ષીઓ સાથે નળસરોવર બન્યું 'હોટસ્પોટ'

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં વન વિભાગ દ્વારા તૈયાર કરાયેલા 'બર્ડ ડાયવર્સિટી રિપોર્ટ: ૨૦૨૩-૨૪'ને જાહેર કરાયો છે. જેમાં અંદાજિત ૧૮થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી સાથે ગુજરાત સાચા અર્થમાં 'પક્ષી જીવન' માટે પણ સમગ્ર દેશમાં સ્વર્ગ તરીકે ઉભરી આવ્યું હોવાનું વન વિભાગ તરફથી દાવો કરાયો છે. પ્રવાસ મંત્રી મુળુભાઈએ રિપોર્ટ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પક્ષી પ્રજાતિઓની વિવિધતા નોંધાઈ છે જ્યારે સરહદી કચ્છ જિલ્લામાં ૧૬૧ પ્રજાતિઓના ૪.૫૬ લાખ જેટલા પક્ષીઓ જોવા મળ્યા છે. આ સાથે જામનગર, મહેસાણા, બનાસકાંઠા તેમજ અમદાવાદ એ પક્ષી જગતમાં નોંધપાત્ર ફાળો આપે છે જે ગુજરાત માટે પક્ષી જીવનનો અતુલ્ય વારસો દર્શાવે છે.

ભારતના પશ્ચિમી ભાગોમાં વસેલું, ગુજરાત તેની વિવિધ ઈકોસિસ્ટમ્સ- પક્ષીઓની વિવિધતા દેશભરના પક્ષીવિદો-પ્રેમીઓને આકર્ષિત કરે છે તેમ જણાવતા મંત્રીએ કહ્યું હતું કે, કચ્છના મનમોહક રણથી લઈને લીલાછમ ગીર રાષ્ટ્રીય ઉદ્યાન સુધીના લેન્ડસ્કેપ્સના સ્પેક્ટ્રમમાં વિખરાયેલા છે. કચ્છના રણના વિશાળ મીઠાના ફ્લેટ્સ, સ્થળાંતર ઋતુ દરમ્યાન હજારો ગ્રેટર ફ્લેમિંગોના આગમનના સાક્ષી બને છે જે સફેદ રણને ગુલાબી રંગમાં પરિવર્તિત કરે છે. ગુજરાતમાં સ્થિત નળ સરોવર, નડા બેટ, બોરીયા બેટ, થોળ વગેરે જેવા સ્થળો અંદાજે ૫૦ હજારથી પણ વધુ સ્થાનિકો તથા યાયાવર એટલે કે વિદેશી પક્ષીઓના 'હોટસ્પોટ' તરીકે જાણીતા થયા છે. પ્રતિ વર્ષ શિયાળામાં, યાયાવર એવા 'બાર-હેડેડ' હંસ રાજ્યમાં આવે છે. આ અદભૂત પક્ષીઓ ૭,૦૦૦ મીટરથી વધુની ઊંચાઈએ 'હિમાલય' ઉપરથી પ્રવાસ શરૂ કરે છે અને શિયાળાની ઠંડીથી બચવા માટે ગુજરાતની ભૂમિને તેમનું હંગામી આશ્રયસ્થાન ઘર બનાવે છે. જામનગરની આબોહવા 'માર્શ ફ્લેમિંગો', 'પેલિકન' અને 'ક્રેન્સ'ને આવકારે છે એવી જ રીતે, ગુજરાતના દરિયાકિનારે મેન્ગ્રોવ ઈકોસિસ્ટમ સ્થાનિક અને યાયાવર પક્ષીઓ બંને માટે ટકાઉ વાતાવરણ પૂરૂ પાડીને સમૃદ્ધ પક્ષી વિવિધતામાં વધારો પણ કરે છે. વિવિધ જિલ્લાઓમાં પક્ષીઓની આંકડાકીય વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, જામનગર વિવિધ ૨૨૧ પ્રજાતિઓની સાથે ૪ લાખથી વધુ પક્ષીઓની સંખ્યા ધરાવે છે. ૩.૬૫ લાખથી વધુ પક્ષીઓની વસ્તી સાથે ૨૫૦થી વધુ વિવિધપ્રજાતિઓ હોવાનું ગૌરવ અમદાવાદ ધરાવે છે. સરહદી એવા નડા બેટ વેટલેન્ડ કોમ્પ્લેક્સમાં એક લાખ કરતા વધુ પક્ષીઓ વસે છે. 'રામસર સાઈટ'ની વાત કરીએ તો કચ્છના છારી ઢંઢની કુલ ૨૨,૭૦૦ હેક્ટર જમીનમાં ૧૫૦થી વધુ પ્રજાતિઓના ૩૦,૦૦૦ થી વધુ પક્ષીઓ માટે સુરક્ષિત નિવાસ્થાન સાબિત થયું છે. આજ રીતે, પોરબંદરમાં



આવેલી મોકરસાગર 'રામસર સાઈટ' ૧૦૦થી વધુ પ્રજાતિઓના અંદાજે ૩૦,૦૦૦ પક્ષીઓનું નિવાસ્થાન બન્યું છે. સ્થાનિક તથા યાયાવર પક્ષીઓના સર્વેક્ષણ માટે વન વિભાગ દ્વારા **eBird** પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. જેના આધારે ગુજરાતમાં પક્ષી વિવિધતા સર્વેક્ષણની આંકડાકીય માહિતી પ્લેટફોર્મ ઉપર નિયમિત અપલોડ કરવામાં આવે છે. આ સર્વેક્ષણમાં વિવિધ પ્રદેશો, જળાશયો અને રામસર સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સર્વેક્ષણમાં એનજીઓ, વિવિધ યુનિવર્સિટીઝ તેમજ વૈજ્ઞાનિકો-પક્ષીવિદોના સહયોગથી ડેટા તૈયાર કરવામાં આવે છે. આ સર્વેક્ષણમાં ૩૯૮ **eBird** ચેકલિસ્ટમાંથી ડેટાનો ઉપયોગ કરીને ૩૦૦થી વધુ પક્ષીઓની પ્રજાતિઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ જિલ્લાઓમાં ૧૩ નજીકના જોખમી, ૪ જોખમમાં મૂકાયેલા, ૭ સંવેદનશીલ અને ૧ ગંભીર રીતે જોખમી જાતિઓનું અવલોકન કરવામાં આવ્યું હતું. પક્ષીઓના 'હોટસ્પોટ' એવા નળ સરોવર ખાતે સૌથી વધુ ૩.૬૨ લાખથી વધુ પક્ષીઓ જ્યારે ખીજડિયામાં ૧.૫૦ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે

# રાજ્ય બહારના લોકોના ધસારાને રોકવા માટે ઉત્તરાખંડ સરકાર દ્વારા જમીન ખરીદી અંગે કડક કાયદો બનાવાશે




દેહરાદૂન, તા.૨

ઉત્તરાખંડના પર્વતીય પ્રદેશોમાં ભારતના અન્ય વિસ્તારોના લોકો દ્વારા મોટા પાયે જમીનની ખરીદીને રોકવા માટે, રાજ્ય સરકાર વિધાનસભાના આગામી બજેટ સત્રમાં ''કડક જમીન ખરીદી કાયદો'' લાવશે. સીએમ પુષ્કરસિંહ ધામીએ આ વાતનો ખુલાસો કર્યો હતો. રાજ્ય સરકાર એવા બિન-નિવાસી વ્યક્તિઓને ઓળખવાની યોજના ધરાવે છે જેમણે હાલના ધોરણોનું ઉલ્લંઘન કર્યું છે. આ ધોરણો બિન- મ્યુનિસિપલ વિસ્તારોમાં વ્યક્તિગત ઉપયોગ માટે માત્ર ૨૫૦ ચોરસ મીટર જમીન ખરીદવાની મંજૂરી આપે છે. મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે, તે આ નિયમોને તોડનારાઓ દ્વારા ગેરકાયદેસર રીતે હસ્તગત કરવામાં આવેલી જમીન ઉપર ફરીથી દાવો કરવા માંગે છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે એવા ઘણા કિસ્સાઓ છે કે જ્યાં ખરીદદારોએ સંબંધીઓના નામે જમીન સંપાદન કરીને નિયમોનો ભંગ કર્યો હોય અથવા વાણિજ્યિક ઉપયોગ માટે જમીન ખરીદતી વખતે તેઓએ કરેલી પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા હોય અને તેના બદલે તેમની વ્યક્તિગત જમીનમાં વધારો કર્યો હોય. વર્તમાન નિયમો હેઠળ, બિનનિવાસીઓ વ્યક્તિગત ઉપયોગ માટે મ્યુનિસિપલ મર્યાદાની બહાર ૨૫૦ ચોરસ મીટર સુધીની જમીન ખરીદી શકે છે. પ્રવાસન, ઉદ્યોગો, આરોગ્ય અને શિક્ષણ જેવા વ્યવસાયિક હેતુઓ માટે, ભાજપ સરકારે ૨૦૧૭માં આ કાયદામાં સુધારો કર્યો હતો, જેમાં અનુમતિપાત્ર જમીનની મર્યાદા ૧૨.૫ એકરથી વધારીને ૩૦ એકર કરી હતી. ઉત્તરાખંડના સીએમ ધામીએ જણાવ્યું હતું કે, અમે એવા વ્યક્તિઓની ઓળખ કરવા માટે તપાસ શરૂ કરી રહ્યા છીએ જેમણે પરિવારના સભ્યોના નામે જમીન ખરીદી છે, તેમજ જેઓએ મોટા પ્લોટ ખરીદ્યા પછી વ્યાપારી સાહસ સ્થાપવાનું વચન પૂરૂ કર્યું નથી. આ બંને કિસ્સાઓમાં, શંકાસ્પદ માધ્યમો દ્વારા પ્રાપ્ત કરેલી તમામ જમીન પાછી લેવામાં આવશે. સરકાર જમીન ખરીદી અંગે નવા કાયદા ઉપર કામ કરી રહી છે. આ કાયદો વિવિધ મુદ્દાઓ ઉપર ધ્યાન આપશે અને મ્યુનિસિપલ વિસ્તારોની બહાર અનિચ્છનીય વ્યવહારોને અટકાવશે. તેમણે કહ્યું કે, ૨૦૧૭માં, આ કાયદામાં સુધારા કરવામાં આવ્યા હતા, પરંતુ અમને સકારાત્મક પરિણામો મળ્યા નથી. અગાઉ, સરકાર દ્વારા જમીન ખરીદવાની પરવાનગી આપવામાં આવતી હતી, પરંતુ સુધારાથી જિલ્લા મેજિસ્ટ્રેટને જમીન સંપાદનની મંજૂરી આપવામાં આવી હતી. પરિણામે, લોકોએ જમીનનો મોટો હિસ્સો ખરીદવા માટે પ્રવાસન, પ્રક્રિયા, આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રોમાં પ્રવૃત્તિઓ શરૂ કરવાની પ્રતિબદ્ધતાઓ દર્શાવી, પરંતુ તે ખરીદ્યા પછી, તેઓએ કાર્ય શરૂ કર્યું નહીં. અમારી ટીમો આ વિગતોનું સંકલન કરશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સમિતિ હાલમાં સમગ્ર રાજ્યમાં જમીનની માલિકીની વિગતોની સમીક્ષા કરી રહી છે, અને કાયદેસર રોકાણકારોએ ડરવા જેવું નથી. અમે ફક્ત તે લોકો સામે જ પગલાં લઈશું જેઓ અંગત લાભ માટે જમીન ખરીદી રહ્યા છે. સાચા રોકાણકારોને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. અમે ગેરકાયદેસર પ્રથાઓને કાબૂમાં રાખીને પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છીએ. ભાજપ સરકારે તેના ૨૦૦૭-૨૦૧૨ના કાર્યકાળ દરમ્યાન મર્યાદા ઘટાડીને ૨૫૦ચો.મી. કરી અને અન્ય રાજ્યોના લોકો દ્વારા ખેતીની જમીન ખરીદવા ઉપર પણ પ્રતિબંધ હતો. ૨૦૧૭માં, ત્રિવેન્દ્રસિંહ રાવતની સરકાર હેઠળ, ભાજપ સરકારે પહાડીઓમાં રોકાણ આકર્ષવા માટે આ નિયંત્રણો હટાવ્યા હતા, જેમાં પ્રવાસન અને કૃષિ જેવી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટે ૩૦ એકર સુધીની જમીન ખરીદવાની મંજૂરી આપી હતી.

# અગ્નિવીરોને પેન્શનપાત્ર નોકરી અપાશે : અમિત શાહ

## કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, 'દરેક અગ્નિવીરને પેન્શનના લાભ આપવામાં આવશે, યોજનાનો હેતુ લશ્કરને યુવાન બનાવવાનો છે'



ગુરૂગ્રામ, તા.૨

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે જાહેર કર્યું હતું કે, અગ્નિવીરોને પેન્શનને પાત્ર નોકરીઓ આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, લોકો એમના સંતાનોને લશ્કરમાં મોકલતા ન અનુભવે, ભાજપના બાદશાહ પુર ઉમેદવાર રાવ નરબીરસિંહના ટેકામાં ગુડગાંવના ધોળકા સેક્ટરમાં યોજાયેલી જન આશીર્વાદ રેલીમાં કેન્દ્રીય ગૃહમંત્રીએ ઉપર મુજબ જણાવ્યું હતું. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, દરેક અગ્નિવીરને પેન્શનના લાભ આપવામાં આવશે કેમ કે અગ્નિવીર યોજના એ લશ્કરને યુવાન બનાવવાના હેતુથી લાવવામાં આવી છે. તેમણે રાહુલ ગાંધી ઉપર નિશાન સાધતા જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતા જૂઠાણાની મશીન રાહુલ ગાંધી એવું કહે છે કે, અગ્નિવીર યોજના એટલા માટે લાવવામાં આવી છે કે, સરકાર પેન્શનને પાત્ર નોકરીઓ આપવા માંગતી નથી પણ હું તમને કહું છું કે, દરેક અગ્નિવીરને નોકરી મળશે અને પેન્શનના લાભ પણ મળશે. તેમણે કોંગ્રેસની પણ ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે, હરિયાણામાં કોંગ્રેસની સરકાર હતી અને એ કટ, કમિશન તથા કરપ્શનની સરકાર વિક્રેતાઓ તથા દલાલો અને જમાઈઓનું રાજ હતું પરંતુ ભાજપ સરકારમાં કોઈ દલાલ કે કોઈ વિક્રેતા કે કોઈ જમાઈની કોઈ ભૂમિકા રહેશે નહીં અને એવા કોઈ વચ્ચે આવશે જ નહીં. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, ભૂપેન્દ્ર હુડ્ડા સરકાર દરમ્યાન કોંગ્રેસ દ્વારા માત્ર એક જિલ્લા અને એક જાતિનો વિકાસ કરવામાં આવ્યો હતો પણ ભાજપે સત્તા મેળવ્યા બાદ સમગ્ર રાજ્યનો સમાન ધોરણે વિકાસ થયો છે. કોંગ્રેસે ખારર્ચી અને પર્ચીના આધારે નોકરીઓ આપી હતી પણ ભાજપે કોઈ ખારચી કે પર્ચી વિના પાંચ લાખ નોકરીઓ આપી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, યુપીએ સરકારે હરિયાણાને ૪૧,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા જ્યારે મોદી સરકારે બે લાખ અને ૯૨ હજાર કરોડ રૂપિયા ૧૦ વર્ષમાં જ હરિયાણાના વિકાસ માટે આપ્યા હતા વડાપ્રધાન મોદી અન્ય તમામ રાજ્યોની સરખામણીમાં હરિયાણાને વધુ પ્રેમ કરે છે. કોંગ્રેસ હિમાચલપ્રદેશ અને કર્ણાટકને આપેલા વચનો પણ પૂરા કરી શકે નથી એમની તમામ ગેરંટી ખોટી હોય છે પણ ભાજપે જે વચન આપ્યા છે એ પૂરા કર્યા છે. અમિત શાહે જણાવ્યું હતું કે, કોંગ્રેસના મંચ ઉપરથી લોકો પાકિસ્તાન તરફથી નારેબાજી કરી રહ્યા છે ત્યારે રાહુલ ગાંધી કેમ મૌન છે ? એ શા માટે બોલતા નથી ? કોંગ્રેસ તુષ્ટિકરણ કરવામાં આંધળી બની ગઈ છે અને કોંગ્રેસ અને રાહુલ ગાંધી કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી લાવવા માંગે છે પણ એમની આવનારી ત્રણ પેઢી પણ કલમ ૩૭૦ પાછી લાવી નહીં શકે અને ભારતનો ધ્વજ કાશ્મીરમાં ફરકતો જ રહેશે મોદી સરકાર અહીં છે ત્યાં સુધી કાશ્મીરમાં તિરંગો ફરકતો રહેશે. એમણે કહ્યું હતું કે, હરિયાણા એક એવું રાજ્ય છે જ્યાં દર ૧૦ વ્યક્તિએ એક વ્યક્તિ લશ્કરમાં હોય છે અને વડાપ્રધાન મોદીએ વન રેન્ક વન પેન્શન યોજનાનો અમલ કરવાની ખાતરી આપી છે કોંગ્રેસ છેલ્લા ત્રણ પેઢીથી આ યોજનાનો અમલ કરી શકી નથી પણ વડાપ્રધાન મોદી જરૂર અમલ કરશે.

# રાજ્યમાં સાંકડા ઓછા પહોળાઈના પુલ-સ્ટ્રકચર્સને પહોળા કરવાનો નિર્ણય

ગાંધીનગર,તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગો ઉપરના સાંકડા પુલ- સ્ટ્રકચર્સને પહોળા કરી ટ્રાફિક જામ થવાની સમસ્યામાંથી મુકિત માટેનો મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર રાજ્યમાં ૨૦ જેટલા માર્ગો-રસ્તાઓ ઉપર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા ૪૧ હયાત પુલ અને સ્ટ્રકચર્સ પહોળા કરવાની કામગીરી માટે મુખ્યમંત્રીએ ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા હવે સાંકડા પુલ અને સ્ટ્રકચર્સને રસ્તાઓની પહોળાઈને અનુરૂપ વાઈડનીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જૂના અગાઉના પુલ ઓછી પહોળાઈના બનેલા હતા તેમાં હવે ફેરફાર કરી પહોળા બનાવાશે. રાજ્યમાં કુલ મળીને એવા ૪૧ પુલો કે સ્ટ્રકચર્સ છે જેની પહોળાઈ રસ્તાઓની પહોળાઈ કરતા સાંકડી છે. આના પરિણામે આવા પુલો-સ્ટ્રકચર્સ પર ટ્રાફિક જામ થવાની સમસ્યા ઉભી થાય છે. મુખ્યમંત્રીના ધ્યાને આ વિષય આવતા તેમણે લોકોને ટ્રાફિક જામની સમસ્યા ભોગવવી ન પડે તેમજ ઝડપી અને સલામત યાતાયાત થઈ શકે તે હેતુસર આ ૨૪૫.૩૦ કરોડ રૂપિયા સાંકડા પુલો અને સ્ટ્રકચર્સના વાઈડનીંગ માટે ફાળવ્યા છે. આ નિર્ણયથી આગામી દિવસોમાં રાજયના રોડ ઈન્ફ્રાસ્ટકચર નેટવર્કમાં વધુ સુવિધાજનક નેટવર્ક નાગરિકોને ઉપલબ્ધ થશે અને ઈઝ ઓફ લિવીંગમાં વૃદ્ધિ થશે અને ટ્રાફિક જામની સમસ્યા પણ હલ થશે.

# 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' યોજનાને અમલમાં મૂકવા માટે કેન્દ્ર સરકાર ત્રણ બિલ રજૂ કરશે

## આ સૂચિત બીજા બંધારણીય સુધારા વિધેયકને રાજ્યની એસેમ્બલી દ્વારા ઓછામાં ઓછા ૫૦ ટકા બહુમતી સાથે બહાલીની જરૂર પડશે, કારણ કે તે રાજ્યની બાબતોને લગતી બાબત છે

નવી દિલ્હી તા.૨

દેશમાં એકસાથે ચૂંટણી યોજવાની તેનલ્ યોજનાને અમલમાં મૂકવા માટે સરકાર બંધારણમાં સુધારો કરવા માટેના ત્રણ બિલ લાવે તેવી શક્યતા છે. સૂચિત બંધારણીય સુધારા ખરડાઓ પૈકી એક, આ ખરડો સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે સંરેખિત કરવા સાથે સંબંધિત છે અને તેને પસાર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ ટકા રાજ્યોના સમર્થનની જરૂર પડશે. 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' યોજના માટે સરકારે આ મહિનાની શરૂઆતમાં દેશવ્યાપી સર્વસંમતિ પછી તબક્કાવાર લોકસભા, રાજ્ય વિધાનસભાઓ અને સ્થાનિક સંસ્થાઓ માટે એકસાથે ચૂંટણી યોજવા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણો સ્વીકારી હતી. આ સૂચિત પ્રથમ બંધારણીય સુધારો બિલ લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવા માટેની જોગવાઈઓ સાથે વ્યવહાર કરશે.

ઉચ્ચ-સ્તરીય સમિતિની ભલામણો અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે આ સૂચિત બિલ 'નિયુક્ત તારીખ' સંબંધિત પેટા-કલમ (૧) ઉમેરીને કલમ **82A**માં સુધારો કરવામાં આવશે. તે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની મુદતની સમાપ્તિ સાથે સંબંધિત કલમ **82A**માં પેટા-કલમ(૨) દાખલ કરવામાં આવશે. તેમાં કલમ ૮૩(૨)માં સુધારો કરવાની અને લોકસભાની અવધિ અને વિસર્જનને લગતી નવી પેટા કલમો (૩) અને (૪) દાખલ કરવાની પણ દરખાસ્ત કરે છે. તેમાં 'એક સાથે ચૂંટણી' શબ્દ દાખલ કરવા માટે વિધાનસભાના વિસર્જન અને કલમ ૩૨૭માં સુધારો કરવા સંબંધિત જોગવાઈઓ પણ છે. સમિતિની ભલામણમાં કહેવામાં આવ્યું છે કે આ બિલને ઓછામાં ઓછા ૫૦ ટકા રાજ્યો દ્વારા બહાલીની જરૂર રહેશે નહીં. સૂચિત બીજી બંધારણીય સુધારા ખરડાને પસાર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ ટકા રાજ્યની એસેમ્બલી દ્વારા બહાલીની જરૂર પડશે કારણ કે તે રાજ્યની બાબતોને લગતી બાબતો છે. તેમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી પંચો (**SECs**) સાથે પરામર્શ કરીને ચૂંટણી પંચ (**EC**) દ્વારા મતદાર યાદી તૈયાર કરવા સંબંધિત બંધારણીય જોગવાઈઓમાં સુધારો કરવામાં આવશે. બંધારણીય રીતે, **EC** અને **SEC** અલગ સંસ્થાઓ છે. **EC** રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા, રાજ્યસભા, રાજ્ય વિધાનસભાઓ અને રાજ્ય વિધાન પરિષદોના પદ માટે ચૂંટણીઓ યોજે છે જ્યારે **SEC**એ નગરપાલિકાઓ અને પંચાયતો જેવી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજે છે.

સૂચિત બંધારણ સુધારા બિલ નવી કલમ **324A** દાખલ કરીને લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ સાથે નગરપાલિકાઓ અને પંચાયતોની એક સાથે ચૂંટણીઓ યોજવાની જોગવાઈઓ પણ લાગુ કરશે. ત્રીજું બિલ એક સામાન્ય બિલ હશે જે કેન્દ્રશાસિત પ્રદેશો પુડુચેરી, દિલ્હી અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભાઓ ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સંબંધિત ત્રણ કાયદાઓમાં જોગવાઈઓમાં સુધારો કરશે. તેમાં જે કાયદાઓમાં સુધારો કરવાની દરખાસ્ત છે તેમાં નેશનલ કેપિટલ ટેરિટરી ઑફ દિલ્હી એક્ટ-૧૯૯૧, ગવર્નમેન્ટ ઑફ યુનિયન ટેરિટરીઝ એક્ટ-૧૯૬૩ અને જમ્મુ અને કાશ્મીર રિઓર્ગેનાઈઝેશન એક્ટ-૨૦૧૯નો સમાવેશ થાય છે. પ્રસ્તાવિત બિલ એક સામાન્ય કાયદો હશે જેમાં બંધારણમાં ફેરફારની જરૂર નથી અને તેને રાજ્યો દ્વારા બહાલીની પણ જરૂર નથી. ઉચ્ચ-સ્તરીય સમિતિએ ત્રણ કલમોમાં સુધારાની દરખાસ્ત કરી હતી, હાલની કલમોમાં ૧૨ નવા પેટા-કલોઝ દાખલ કરવા અને વિધાનસભા ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશો સંબંધિત ત્રણ કાયદામાં ફેરફાર છે. આ સુધારાઓની કુલ સંખ્યા ૧૮ છે. માર્ચમાં સરકારને સુપરત કરવામાં આવેલા અહેવાલમાં, સામાન્ય ચૂંટણીની જાહેરાત થઈ તે પહેલાં, પેનલે બે તબક્કામાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' લાગુ કરવાની ભલામણ કરી હતી. તેમાં પ્રથમ તબક્કામાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓ માટે એક સાથે ચૂંટણી અને બીજા તબક્કામાં સામાન્ય ચૂંટણીના ૧૦૦ દિવસની અંદર પંચાયતો અને મ્યુનિસિપલ સંસ્થાઓ જેવી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓનું સૂચન કર્યું હતું. તેણે એક સામાન્ય મતદાર યાદીની પણ ભલામણ કરી છે, જેમાં ચૂંટણી પંચ અને રાજ્ય ચૂંટણી પંચો વચ્ચે સંકલનની જરૂર હશે.


# ચૂંટણી બોન્ડ કેસમાં નાણામંત્રી નિર્મલા સિતારમણ સામેની તપાસ સામે સ્ટે આપતી કર્ણાટક હાઈકોર્ટ

બેંગ્લુરૂ,તા.૨

ચૂંટણી બોન્ડ મારફત કરોડો રૂપિયા ઉઘરાવવાના આરોપસર કેન્દ્રના નાણામંત્રી નિર્મલા સિતારમણ સામે બેંગ્લુરૂ પોલીસે નોંધેલી એફઆઈઆરમાં તપાસ કરવા સામે કર્ણાટક હાઈકોર્ટે મનાઈ હુકમ આપી દીધો છે. એફઆઈઆરમાં નિર્મલા ઉપરાંત ભાજપના પૂર્વ સાંસદ નલીનકુમાર કાતિલ અને અન્ય ભાજપી નેતાઓના નામ છે. ભાજપના નેતા કાતિલે પોલીસ કાર્યવાહી સામે કરેલી અરજી ઉપર સુનાવણી બાદ જસ્ટિસ નાગપ્રસન્નાએ વચગાળાનો હુકમ આપ્યો હતો અને તપાસ સામે સ્ટે આપી દીધો હતો. નાણામંત્રી અને અન્ય નેતાઓ સામે ખંડણીની ફરિયાદ જન અધિકાર સંઘર્ષ પરિષદના સહ પ્રમુખ આદર્શ અય્યરે નોંધાવી હતી. જસ્ટિસે ચુકાદો આપતા નોંધ કરી હતી કે ફરિયાદને તપાસ માટે મંજૂરી આપતી વખતે મેજિસ્ટ્રેટ દ્વારા એ નિરીક્ષણ કરવામાં આવ્યું નથી કે અરજદારના હાથે પીડિતને જ સહન કરવું પડયું છે. જ્યાં સુધી કોઈપણ ફરિયાદ કલમ ૩૮૩ની જોગવાઈઓ મુજબની ન હોય અને પ્રતિવાદીઓ દ્વારા વાંધો લેતા નિવેદનો નોંધાય નહીં ત્યાં સુધી તપાસ માટેની છૂટ આપવી એ કાયદાની પ્રક્રિયાનો દુરૂપયોગ કરવા સમાન ગણાય. એટલે જ મને એ યોગ્ય લાગે છે કે આગામી સુનાવણીની તારીખ સુધી તપાસ અટકાવી દેવી જોઈએ. અદાલતે નોંધ કરી હતી કે ફરિયાદી એ વ્યકિત હોય જેને મિલકતો કે કિમતી અનામતો તહોમતદારને આપવી પડે એવો ભય હોય. પરંતુ આ ફરિયાદમાં ફરિયાદીને એવો કોઈ ભય અરજદારને કારણે ઉભો થયો હોય એવું આ કેસમાં લાગતું નથી. કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે કોઈપણ વ્યકિત ફોજદારી કાયદા મુજબ કાર્યવાહી શરૂ કરાવી શકે છે. પણ આઈપીસીની બીજી એવી જોગવાઈઓ પણ છે કે પીડિત વ્યકિત દ્વારા જ કાનૂની કાર્યવાહી શરૂ કરાવી શકાય છે.

### ‘સુનો-સુનો રે.. દુનિયાવાલો બાપુ કી યે અમર કહાની’

# આજે તા.૨ ઓકટોબર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જયંતિ, સોમનાથ સાથે જોડાયેલા છે ગાંધીજીના સંસ્મરણો




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨

દેશ આજે ૨ ઓકટોબરે રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મ જયંતિ ઉજવી રહયો છે. ત્યારે યુવાવતાર એ મહામાનવના સોમનાથ સાથે પણ સંસ્મરણો છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અસ્થિનું વિસર્જન સોમનાથના ત્રિવેણી સંગમ ખાતે કરવામાં આવ્યું હતું. દેશના બાર જયોર્તિલીંગમાના પ્રથમ એવા સોમનાથ મંદિરના પુર્નઃનિર્માણનો દ્રઢ સંકલ્પ સરદાર વલ્લભભાઈ પટેલે કર્યો ત્યારે તેને રાષ્ટ્રપિતા ગાંધીજીની સલાહ લીધી હતી અને ગાંધીજીએ સરદારને એવી સલાહ આપી કે સોમનાથ મંદિરના નવનિર્માણનો ખર્ચ પ્રજા વહન કરે અને તેને માટે ટ્રસ્ટ રચાય. સરદારને સલાહ યોગ્ય લાગી અને સોમનાથ ટ્રસ્ટની રચના કરી મંદિર નવનિર્માણ થયું.

કમનસીબે નૂતન મંદિરનું નિર્માણ સરદાર કે ગાંધીજી જોઈ શકયા નહીં. એક વાત મુજબ ૧૯૦૨ ના અંતમાં ગાંધીજી દક્ષિણ આફ્રિકા જતા પહેલા તેમની પાસે વડીયા દરબારનો કેસ હતો જે કેસ સંબંધે તેમને વેરાવળ આવવાનું થયું હતું અને વેરાવળ આવતા પહેલા જૂનાગઢની પણ મુલાકાત લીધી હતી.

તે સમયના પ્રભાસમાં ગાંધીજીના અવસાનના સમાચાર લોકોએ રેડિયો દ્વારા સાંભળ્યા હતા અને ગામમાં બે કે ત્રણ સ્થળે અને તે મોટા ટેબલ જેવા રેડિયો હોટલમાં હતા. વેરાવળથી રવાના થયેલ અસ્થિ વિસર્જન યાત્રા ‘હરેરામ રામ..રામ.. હરે..’ રામધૂન બોલાવતી પ્રભાસ આવતી હતી તેનો અવાજ દુર દુર સુધી સંભળાતો હતો. અને એ અસ્થિકુંભ પ્રભાસની બ્રહ્મપુરીમાં લોકદર્શન માટે રાખવામાં આવેલ અને ત્યારબાદ પવિત્ર ત્રિવેણી સંગમે વેદમંત્રોચ્ચાર સાથે તેનું અસ્થિ વિસર્જન થયેલ છે.

એક લોકવાયકા મુજબ રાષ્ટ્રપિતા બન્યા પહેલા મહાત્મા ગાંધી પરિવાર સાથે પ્રાચી તિર્થમાં આવેલ હતા. મહાત્મા ગાંધીજીના અસ્થિ વિસર્જન ૧૨ ફેબ્રુઆરી ૧૯૪૮ ના રોજ શામળદાસ ગાંધીના હસ્તે દામોદરકુંડમાં વિસર્જન કરવામાં આવ્યા હતા. અસ્થિકુંભ ટ્રેનમાં લાવવામાં આવ્યો હતો અને જૂનાગઢના કાળવા ચોકમાં આવેલ બાલભવન પાસેના સ્મારક ખાતે પ્રજાના દર્શન માટે રાખવામાં આવેલ હતો.

ચાંદીની બગીમાં આ અસ્થિકુંભને રાખી દામોદરકુંડ લઈ જવાયો હતો. જયાં પોલીસ સલામી, પવિત્ર વેદમંત્રોચ્ચાર, શોકસભા સાથે અસ્થિ વિસર્જન થયું હતું અને જૂનાગઢના એક રોડને મહાત્મા ગાંધી રોડ નામાભિધાન કરાયું હતું.

# ખંભાળિયાઃ પડતર પ્રશ્નોને અનુલક્ષીને સફાઈ કામદારો હડતાલના મૂડમાં

### નવરાત્રી પૂર્ણ થયે સામુહિક હડતાલનું અપાયું અલ્ટીમેટમ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨

ખંભાળિયા નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે કામ કરતા સફાઈ કામદારોના અનેકવિધ પડતર પ્રશ્નોને અનુલક્ષીને આગામી નવરાત્રીના તહેવાર પૂર્ણ થયા બાદ આ કર્મચારીઓ હડતાલ પર જશે તેવી લેખિત ચીમકી પાલિકાના પ્રમુખ તથા ચીફ ઓફિસને આપવામાં આવી છે. ખંભાળિયા પાલિકાના સફાઈ કામદારોને મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણનો લાભ, સફાઈ કામદારોના મહેકમમાં વર્ષોથી ખાલી પડેલી જગ્યાઓ ભરવા, ઈ.પી.એફ.ની રકમ તેઓને ખાતામાં નિયમિત જમા કરાવવી, સરકારની ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ રહેણાંકના હેતુ માટે જમીનના પ્લોટ ફાળવવા, નગરપાલિકામાંથી સેવા નિવૃત્ત થયેલા કે અવસાન પામેલા પેન્શનરોના પેન્શન સ્કેલ ટુના સ્કેલ પ્રમાણે રિવિઝન કરવા, શહેરની વસ્તી અને વિસ્તારના ધોરણે સફાઈ કામદારોની ઘટ સામે નવા રોજમદાર સફાઈ કામદારોને ભરતી કરવા વિગેરે પડતર પ્રશ્નો અંગે સફાઈ કામદારો દ્વારા અગાઉ સંબંધિત તંત્રને વારંવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આ પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી.

આને અનુલક્ષીને ગુજરાત સફાઈ કામદાર મહામંડળના નેજા હેઠળ અહીંના સફાઈ કામદારોએ પ્રદેશ મહામંત્રી રમેશભાઈ વાઘેલાના વડપણ હેઠળ નગરપાલિકાના પ્રમુખ તેમજ ચીફ ઓફિસરને એક લેખિત પત્ર પાઠવીને જો તેમના આ પ્રશ્નોનો તાકીદે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો સફાઈ કામદારો આગામી નવરાત્રીના ધાર્મિક તહેવારો પૂર્ણ થયા બાદ હડતાલ પર ઉતરી જશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

# જામનગર રાજપૂત સમાજની ૮૪ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ : ધારાસભ્ય, પૂર્વ મંત્રી વિગેરેની ખાસ ઉપસ્થિતિ











(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨

જામનગર રાજપુત સેવા સમાજની ૮૪ મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં સમાજના પ્રમુખ પી.એસ. જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ સભામાં મુખ્ય અતિથિ તરીકે જામનગરના ધારાસભ્ય રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા અને પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) મેરૂભા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

આ સભામાં સમાજના હોદ્દેદારો, ઉપપ્રમુખ નવલસિંહ જાડેજા, ફગાસ સેક્રેટરી ગીરીરાજસિંહ જાડેજા, ગઢકા જોઈન્ટ સેક્રેટરી પ્રવિણસિંહ જાડેજા (લાખાણી), કારોબારી સભ્યો પ્રવિણસિંહ લાવડીયા તેમજ વિજયસિંહ વાળા (ભાણવડ), યુવરાજસિંહ જાડેજા (કાલાવડ), ઈન્દુભા જાડેજા (કાલાવડ), પી.બી. જાડેજા (જામનગર), કિશોરસિંહ જાડેજા (ખીજડદ), કિશોરસિંહ જાડેજા (ધ્રાફા), દેવુભા વાઢેર (ભીમરાણા) તેમજ સમાજના આજીવન સભ્યો વિગેરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ વાર્ષિક સાધારણ સભામાં એજન્ડા મુજબની કાર્યવાહી રજુ કરવામાં આવી હતી. જેમાં જામ શ્રી રણજીતસિંહજી છાત્રાલય અને રાજપુત સમાજ કન્યા છાત્રાલયમાં રહી અને જે દિકરા અને દિકરીઓ અભ્યાસ કરે છે, તે તમામ વિદ્યાર્થીઓને જે-તે ધોરણમાં પ્રથમ ત્રણ ક્રમ મેળવનારા વિદ્યાર્થીઓનું સમાજ તરફથી મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના પ્રમુખ પી.એસ. જાડેજાએ જણાવ્યું હતું કે આપણા બંને છાત્રાલયોમાં અંદાજે ૬૦૦ દિકરા-દિકરીઓ છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરે છે. તેમાં છેલ્લા ૧૦ વર્ષથી ૧૦માં અને ૧૨ માં ધોરણમાં ટકાવારીમાં મહદ અંશે આગળ વધીને છેલ્લા પાંચ વર્ષથી અનુક્રમે ૯૭ ટકા અને ૧૦૦ ટકા પરિણામ આવી રહ્યું છે. જે રાજપુત સમાજના હોદ્દેદારો અને વહીવટકર્તાઓની સારી કામગીરીની નિશાની છે. આગામી સમયની માંગને ધ્યાનમાં રાખીને જેમ છેલ્લા ૧૮ વર્ષથી તમામ દિકરીઓને કોઈપણ જાતની ફી લીધા વગર વિનામૂલ્યે ભણાવીએ છીએ, તે રીતે આગામી સમયમાં કોલેજમાં પણ વિના મૂલ્યે ભણાવી શકીએ તે માટેનું આયોજન અને તે કાર્યવાહી કરવા માટેનું સમાજ વિચારી રહી છે. કારણ કે ૧૨ માં ધોરણ સુધી જે દિકરીઓ ભણે છે. તેમાંથી આગળ ભણવા માટેની સગવડ અથવા તો વ્યવસ્થા નહીં હોવાના લીધે ૭૦ ટકા ડ્રોપ રેશિયો રહ્યો છે. જે ડ્રોપ ન થાય તેના માટે ભવિષ્યમાં આવા વિશાળ સંકુલોનું નિર્માણ કરી તેમાં મધ્યમ વર્ગના દિકરીઓ રહેવા અને જમવા સાથેનું વિના મૂલ્યે શિક્ષણ આપી શકીએ તેવું આયોજન કરવા જઈ રહ્યા છીએ.

આ આયોજન અંગે પૂર્વ મંત્રીશ્રી હકુભા જાડેજા અને જામનગરના ધારાસભ્ય રિવાબા જાડેજાએ સમર્થન આપતા જણાવ્યું હતું કે આ કાર્યમાં જે કાંઈ જરૂરિયાત પડે તે માટે અમો તન, મન અને ધનથી સહકાર આપવાની ખાતરી આપીએ છીએ. સાથે સાથે આ માટે ઉપસ્થિત તમામ સમાજના આગેવાનોને પણ આગામી શૈક્ષણિક સંકુલ બનાવવામાં આવે તેમાં સ્વૈચ્છાએ તન, મન, ધનથી મદદ કરવા માટે અપિલ કરવામાં આવી હતી. આ સભામાં કાર્યક્રમ દરમ્યાન છાત્રાલયના દિકરીઓએ સુદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. જેનાથી પ્રભાવિત થઈને હોદ્દેદારોએ અને સભ્યોએ તમામ બાળાઓને રોકડ રકમ વડે પ્રોત્સાહિત કરી હતી.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન પૂર્વ સેક્રેટરી ધર્મેન્દ્રસિંહ ઝાલાએ કર્યું હતું. ટ્રસ્ટના અને સમાજના હિસાબોનું વાંચન સેક્રેટરી ગીરીરાજસિંહ જાડેજાએ અને સંચાલન આર.આર. શાહ હાઈસ્કુલ પ્રિન્સિપલ પી.પી. જાડેજાએ કર્યું હતું. આભારવિધિ જોઈન્ટ સેક્રેટરી પ્રવિણસિંહ જાડેજાએ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુ-ટ્યુબ ઉપર કરવામાં આવેલ હતું.

### એનિમલ લવર્સની પ્રસંશનીય કામગીરી..

# ભાણવડ પંથકમાં એક જ માસમાં ૨૬ અજગર સહિત કુલ ૧૩૭ સરીસૃપ કરાયા રેસ્ક્યુ






જામ ખંભાળિયા, તા. ૨

ભાણવડ પંથકમાં વન્ય જીવ સંરક્ષણ ધારા અન્વયે લુપ્ત થતા અજગરની પ્રજાતિને વધુ સંરક્ષણ અર્થે અનુસૂચિ-૧ માં સમાવિષ્ટ કરવામાં આવી હોય, ત્યારે ભાણવડ પંથકમાં માત્ર સપ્ટેમ્બર માસ દરમિયાન ૨૬ જેટલા અજગર સહિત ૧૩૭ સરીસૃપ રેસ્ક્યુ કરાયા હતા.

ભાણવડમાં પ્રકૃતિથી ભરપુર બરડા ડુંગરનો વિસ્તાર હોવાથી અહી દુર્લભ પ્રજાતિના વન્ય જીવો પણ અવર જવર કરતા હોય છે. ત્યારે માનવ વસાહત કે ખેતર- વાડીમાં આવા સરીસૃપ આવી ચડતા હોય છે. ત્યારે ભાણવડ પંથકમાં છેલ્લા ૧૬ વર્ષ થી વન્ય જીવ બચાવ કામગીરી માટે સતત કાર્યરત એનિમલ લવર્સ ચેરી. ટ્રસ્ટના સભ્યો દ્વારા સમગ્ર વિસ્તારમાં જાગૃતિ કાર્યક્રમો દ્વારા કોઈ વન્ય જીવને ક્યારેય મારવા નહિ પણ માત્ર જાણ કરવી. રેસ્કયુની વિનામૂલ્યે સેવા પૂરી પડાતા આવા દુર્લભ પ્રજાતિના જીવો મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. પ્રાકૃતિક વારસાના સંરક્ષણની આ પ્રસંશનીય કામગીરી એનિમલ લવર્સ ગ્રુપના અશોકભાઈ ભટ્ટ, મેરામણભાઈ, વિજય ખુંટી, અક્ષય, વિશાલ, નિમિષ, દ્વારા વન વિભાગના કર્મચારીની મદદથી કરાઈ હતી.

### મગફળી, મગ, અડદ અને સોયાબિનની


# ટેકાના ભાવે ખરીદી માટે તા.૩ થી તા.૩૧ ઓક્ટોબર સુધી ઓનલાઈન નોંધણી થશે





જૂનાગઢ, તા.૨

ભારત સરકાર દ્વારા ખરીફ ૨૦૨૪-૨૫માં પ્રાઈસ સપોર્ટ સ્કીમ એટલે કે ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરી છે. ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબિનની ખરીદી થશે. ભારત સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ મગફળી માટે રૂા.૬,૭૮૩, મગ રૂા.૮,૬૮૨, અડદ રૂા.૭,૪૦૦ અને સોયાબિન રૂા.૪,૮૯૨ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. ઉક્ત ખરીફ પાકની ટેકાના ભાવે ખરીદી તા.૧૧ નવેમ્બર, ૨૦૨૪થી શરૂ થશે. ખરીફ ઋતુમાં મગફળી, મગ, અડદ અને સોયાબિનનું વાવેતર કર્યું હોય અને ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા હોય તેવા ખેડૂતોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન તા.૩ થી તા.૩૧ ઓકટોબર-૨૦૨૪ સુધી રજિસ્ટ્રેશન કરાવવું. ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વીસીઈ) મારફતે નોંધણી નાફેડના ઈ-સમૃદ્ધ પોર્ટલ પર થઈ શકશે. આ અંગેની વધુ વિગતો માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર એટલે કે વીસીઈ અથવા તલાટી મંત્રીનો સંપર્ક કરવો, તેમ જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.



ફરી હવે આપણને ઉકરડા ચૂંથવા પડશે!



તારા આ ગરબાની પ્રેકટીસના કારણે આસપાસવાળા ધરતીકંપનો અનુભવ કરે છે! તેનું શું?

# શ્રી વીરબાઈ માં મહિલા સત્સંગ મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન

જૂનાગઢ તા. ૨

દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂનાગઢમાં શ્રી વીરબાઈ માં મહિલા સત્સંગ મંડળ દ્વારા પંચહાટડી ચોકમાં આવેલ નગરશેઠની હવેલી દેવમંદિર ખાતે નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવશે. જેમાં પ્રાચીન ગરબા દ્વારા માં જગદંબાની આરાધના તથા ભક્તિ કરવામાં આવશે.

પવિત્ર નવરાત્રીના નવલા દિવસોમાં દરરોજ સાંજે ૪.૩૦થી ૫.૩૦ સુધી સર્વજ્ઞાતિય બહેનો દ્વારા બેઠા ગરબા થશે તથા દરરોજ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાક સુધી સર્વજ્ઞાતિય બહેનો દ્વારા ભક્તિભાવ પુર્વક પ્રાચીન ગરબા થશે. તો આ નવરાત્રી મહોત્સવમાં ભાગ લેવા માટે જૂનાગઢના તમામ સર્વજ્ઞાતિય બહેનોને વીરબાઈ માં મહિલા સત્સંગ મંડળના બહેનો દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# માતામહ શ્રાધ્ધ વિષે જાણીએ

ઘણા લોકો પ્રશ્ન કરે છે કે માતામહ શ્રાદ્ધ એટલે શુ? તો તેની સાદી સમજ એ છે કે પુત્રી દ્વારા પોતાના માતા - પિતા કે પિયરપક્ષ ના કોઈ સભ્ય ને ઊદેશીને કરાતા શ્રાદ્ધ અથવા દોહીત્ર દ્વારા નાના - નાની તથા ભાણેજ દ્વારા મામા - મામી કે માસા - માસીને ઊદેશીને કરાતા શ્રાદ્ધ ને માતામહ શ્રાદ્ધ તરીકે ઓળખવામાં આવે છે.

સનાતન ધર્મમાં નારીને પણ શ્રાદ્ધ કર્મનો અધિકાર આપવામાં આવેલ છે. ગરૂડ પુરાણ, મનુ સ્મૃતિ,ધર્મ સિંધુ વગેરે ગ્રંથોમાં પણ તેનો ઊલ્લેખ જોવા મળે છે. તિર્થક્ષેત્ર ગયા અને સિધ્ધપુર (માતૃ ગયા) માં માત્ર ભારતીય નારી નહિં, વિદેશી નારીઓ પણ શ્રાધ્ધ કર્મની વિધીમાં શ્રધ્ધા અને ભક્તિ સાથે જોડાય છે.

માતા સીતાજીએ તેમના શ્વસુર દશરથ રાજાનું ગયા તિર્થક્ષેત્રે શ્રાધ્ધ કર્યું હોવાનો ઊલ્લેખ જોવા મળે છે. જેમ દરેક શ્રાદ્ધની તિથી પ્રમાણે દિવસ હોય છે. સૌભાગ્યવતી નારી ગયા હોય તો નોમ, બાળકો કે સંન્યાસી માટે બારશ, શસ્ત્ર - અસ્ત્ર કે આત્મહત્યાથી દેહ છૂટ્યો હોય તો ચૌદશ, તિથીની જાણ ન હોય અથવા તિથી મુજબ શ્રાદ્ધ ન થઈ શક્યું હોય તેવા સંજોગોમાં અથવા ચૌદશના દેહ છૂટયો હોય તો સર્વપિત્રી અમાસના દિવસે શ્રાદ્ધ કરવાનું વિધાન છે. તેમ મોસાળ પક્ષનું શ્રાદ્ધ કે જેને માતામહ શ્રાધ્ધ તરીકે ઓળખવામા આવે છે તે પહેલા નોરતે કરવાનું વિધાન છે. આ વર્ષે સંવત ૨૦૮૦ , આસો સુદ - ૧ તા.૩/૧૦/૨૦૨૩ ને ગુરૂવારે માતામહ શ્રાદ્ધ છે. આ દિવસે પિયર કે મોસાળ પક્ષનું શ્રાદ્ધ કર્મ કરી શકાય.

‘શ્રાદ્ધ સરિતા’ - દેવેન કનકચંદ્ર વ્યાસ

માનો ગરબો રે... રમે રાસને ગરબા.. આવ્યા માનાં નોરતા

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આસો નવરાત્રી ઉજવવા તડામાર તૈયારી



જૂનાગઢ તા.૨

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આસો માસની નવરાત્રીને ઉજવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઠેર ઠેર નવરાત્રી મહોત્સવને ઉજવવા ભવ્ય આયોજનોને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. જયારે બાળાઓના રાસની પ્રેકટીસ ચાલી રહી છે જયારે બજારોમાં માતાજીનાં ગરબા, ચુંદડી, ધુપ, દાંડીયા સહિતની ચીજ વસ્તુઓની ખરીદી કરવામાં આવી રહી છે.

આવતીકાલ તા.૩-૧૦-૨૦૨૪નાં ગુરૂવારનાં રોજ આસો માસની નવરાત્રીનો પ્રારંભ થઈ રહયો છે. માનાં નવલા નોરતાને ઉમંગભેર અને ઉત્સાહભેર ઉજવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આપણે ત્યાં હિન્દુ ધર્મનો સૌથી મોટો તહેવાર કે જે ૯-૯ દિવસ ચાલતો અવસર એટલે આસો માસની નવરાત્રી છે. માતાજી નવલા નોરતાને ઉજવવા માટે ભારે થનગનાટ જોવા મળે છે. પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવનાર છે. જૂનાગઢ શહેરમાં અંદાજીત ૨૫૦થી વધારે ગરબીઓ એક અંદાજ મુજબ થાય છે અને નવરાત્રીનો પ્રારંભ થતાં જ ગરબી મંડળ સંચાલીત વિવિધ ગરબીઓમાં બાળાઓના સુંદર મજાનાં રાસ-ગરબાની રમઝટ બોલતી હોય છે. સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ રાત્રીનાં લાઉડ સ્પીકર વગાડીને રાસ ગરબાનાં કાર્યક્રમો યોજાતા હોય છે. આસો માસની નવરાત્રી શરૂ થવાને હવે ગણતરીનાં કલાકો જ બાકી રહયા છે ત્યારે ગરબી મંડળનાં સંચાલકો દ્વારા નવરાત્રી પર્વ નિમિતે નવરાત્રી મહોત્સવ ઉજવવા તૈયારીઓ કરવામાં આવી રહી છે. એક તરફ નવરાત્રીનાં આગમન પહેલા જ ૧૫ થી ૨૦ દિવસ થયા વિવિધ ગરબી મંડળો દ્વારા બાળાઓમાં રાસ-ગરબાની પ્રેકટીસ પણ કરવામાં આવી રહી છે. નવરાત્રમાં નાની બાળાઓ સુંદર મજાના રાસ ગરબા રમી માતાજીની આરાધના કરે છે. નવરાત્રી દરમ્યાન માતાજીનાં રાસ, ગરબા, દુહા, છંદની રમઝટ બોલે છે. અને સર્વત્ર ભક્તિભાવ ભર્યો માહોલ સર્જાઈ છે. જૂનાગઢ શહેરમાં અંદાજીત ૨૫૦થી વધારે ગરબી થાય છે. ગરબી મંડળના સંચાલકો, કાર્યકર્તાઓ દ્વારા માતાજીનાં મઢ એટલે કે ગરબીને શણગારવામાં આવે છે તેમજ જયાં પણ ગરબી થાય છે તેવા ચોકને પતાકાથી શણગારી સ્ટેજ ઉભુ કરવામાં આવે છે અને લાઈટ ડેકોરેશન કરવામાં આવી રહેલ છે.

## બજારોમાં માતાજીનાં ગરબા, ચુંદડી, ધુપ, દાંડીયા ગરબાની ખરીદી

નવદુર્ગાના વિવિધ સ્વરૂપે બિરાજતાં માંતાજીના ગરબા લેવામાં આવે છે. નવરાત્રીના પ્રારંભે શુભ મુહુર્તે ગરબી પધરાવી આદ્યશક્તિ અંબા માતાજીની આરતી સાથે નવરાત્રીનો પ્રારંભ થાય છે. નવરાત્રીનાં આગમનને લઈને બજારોમાં પણ ગરબા, ધુપ, દાંડીયા, ચણીયા ચોળી સહિતની વસ્તુઓની ખરીદી થઈ રહી છે. આ ઉપરાંત નવરાત્રી દરમ્યાન લોકો ઘરે ઘરે માતાજીનો ગરબો પધરાવે છે અને ૯ દિવસનાં ઉપવાસ કરવામાં આવે છે. આઠમનાં નિવેદ કરવામાં આવતાં હોય છે. નવરાત્રીને લઈને આકર્ષક અને રંગબેરંગી ગરબાનું પણ આગમન થયું છે. ઘણા કલાકારો દ્વારા ખાસ માટીનાં બનાવેલા ગરબાનું પણ ખુબ જ વેંચાણ થાય છે અને બજારોમાં આવેલા ગરબાની ખરીદી થઈ રહી છે. જૂનાગઢ શહેર ઉપરાંત જીલ્લામાં તેમજ સૌરાષ્ટ્રભરમાં નવરાત્રી મહોત્સવની ધામધુમથી અને ઉત્સાહભેર અને ભક્તિભાવપુર્વક ઉજવણી માટેની તૈયારીઓ ચાલી રહી છે.

હાથીયો બેસી જતાં જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ગાજવીજ સાથે તાજેતરમાં વરસાદ પડી જતાં હાલાકી થઈ છે. ત્યારે ગરબી મંડળો દ્વારા હાલ નવરાત્રી મહોત્સવ ઉજવવા અને ગરબી મંડળોનાં ચોકને વ્યવસ્થીત ગરબા માટે સમારવામાં આવી રહયા છે. તા.૯-૧૦-૨૪ સુધી તો હાથીયો નક્ષત્ર રહેવાનું છે.ત્યારે કદાચ આ દિવસોમાં વરસાદ પડે તો પરિસ્થીતીને નિયંત્રણ માટેનાં પણ પગલા લેવાઈ રહયા છે. આવતીકાલથી શરૂ થતાં નવરાત્રી મહોત્સવની ભક્તિભાવપુર્વક ઉજવણી માટેની તમામ તૈયારીને ઓપ આપવામાં આવી રહયો છે અને માનો ગરબો રે રમે રાસને ગરબાની તૈયારીઓ ચાલી રહી છે.




# અખાદ્ય કાળા મરી અને ભેળસેળ માટે વપરાતા પદાર્થનો આશરે રૂા. ૯ લાખથી વધુનો જથ્થો પકડી પાડતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશનર ડો. એચ.જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોની જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ, સલામત અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં લેભાગુ તત્વો સામે કાયદાકિય કાર્યવાહી કરવામાં આવે છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ અને એસ.ઓ.જી. પોલીસ, નડિયાદની ટીમ ને મળેલ ખાનગી બાતમી ના આધારે તા.૩૦-૯-૨૦૨૪ ના રોજ મે. જય અંબે સ્પાઈસીસ, સર્વે નં. ૪૩૪, ભાડીયા વિસ્તાર, મુ.પો. ડભાણ, તા. નડીઆદ, જી.ખેડા ખાતે શંકાસ્પદ રીતે કાળા મરીમાં ભેળસેળ કરવામાં આવે છે તેવી મળેલ બાતમીના આધારે દરોડો પાડવામાં આવેલ હતો. પેઢી મે. જય અંબે સ્પાઈસીસ પાસે **FSSAI** નું લાઈસન્સ ધરાવતા ન હતા. તપાસમાં જય અંબે સ્પાઈસીસ ગોડાઉનનાં ધંધાના માલિક ધીરેન વાસુદેવ પટેલ સ્થળ ઉપર હાજર રહેલ અને તેઓને સ્થળ ઉપર જોવા મળેલ ધંધા અર્થે પૂછતા તેઓએ જણાવેલ કે તેઓ ધ્વારા કાળા મરીનું રો-મટીરીયલ લાવી તેની ઉપર ગુંદર પાવડર અને સ્ટાર્ચ પાવડરનો કોટીંગ કરી તેના ઉપર તેઓની પાસે રહેલ ઓઈલમાં પોલીશ કરી માલનું વજન વધારે પકડાય તે અર્થે ધંધો કરતા જણાયેલ. આથી, તંત્ર દ્વારા માલિક ધીરેન વાસુદેવ પટેલની હાજરી માં કાળા મરી, સ્ટાર્ચ પાઉડર, ઓઈલ અને ગુંદર ના એમ કુલ - ૫ (પાંચ) નમુના લેવામાં આવેલ જ્યારે બાકીનો આશરે ૨૬૦૦ કિગ્રા જથ્થો કે જેની અંદાજીત કિંમત આશરે રૂા.૯ લાખથી વધુ થવા જાય છે તે શંકાસ્પદ જથ્થો જાહેર આરોગ્ય નાં હિતમાં સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરવામાં આવેલ છે. લીધેલ તમામ નમૂનાઓ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપેલ છે. આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટ ભરી તપાસ ચાલી રહી છે.

